
Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)


**Vol. No. 27, Issue No. 03 10th December, 2022 Annual Subscription Rs. 50=00**
વર્ષ : ૨૭, અંક : ૦૩ ૧૦મી ડિસેમ્બર, વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦



**જગતમાં આંગળી ચીંધ્યાનું પણ પુણ્ય મળે છે. આપણાથી ન થતું હોય તો જે કોઈ કંઈક કરતું હોય એને મદદરૂપ થઈ પડીએ તોયે કેટલો લાભ થાય ! મદદરૂપ અનેક પ્રકારે થઈ શકાય એમ છે. હૃદયનો સાથ આપવાથી પણ થઈ શકાય. માત્ર એક વખત આપણું જો એ બાબતમાં દિલ થયું તો ઉપાય તો સૂઝ્યા જ કરશે.**

**- શ્રીમોટા**

*'જીવન પગરણ', બી. આ., પૃ. ૧૫૭*



બધાએ મજામાં રહેવું, આનંદમાં રહેવું ને ભગવાનનું નામ લેવું. એટલું આપણે કર્યા જ કરવું. એ જ આપણું સાચું જીવન.

**- ઝીણાકાકા**

'ઝીણાકાકા સાથે વાર્તાલાપ', પ્ર. આ., પૃ. ૬૮

**સ્વજન :** (નિરંજનાબહેન કલાર્થી, બારડોલી) મોટા વખતે હું અહીં આશ્રમે આવતી ત્યારે તમે બધાને જમવાનું પીરસતા હો, તે સમયે મોટા તમને શું કહેતાં ?

**કાકા :** એ તો અમને અત્યારે યાદ નથી આવતું.

**સ્વજન :** તો સાંભળો, મોટા તમને શું કહેતાં તે હું તમને કહું. મોટા તમારા વિશે કહેતાં કે, **'જો નાની, આ ઝીણાભાઈ અમારી કર્મયોગી મા છે.'**

**- ઝીણાકાકા**

'ઝીણાકાકા સાથે વાર્તાલાપ', પ્ર. આ., પૃ. ૯૦

પ્રકાશન સ્થળ :
બી/પ, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા
'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઇન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે. આ વેબસાઈટ અંગે ડૉ. શૈલેષભાઈ ગોટીનો મો. નં. ૯૮૭૯૯ ૦૮૯૮૦ ઉપર સંપર્ક કરી શકાશે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦

* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : અંબિકા હરેશ પંડ્યા
ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪
ટાઈટલ : મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩

વર્ષ : ૨૭ અંક : ૩ ડિસેમ્બર, ૨૦૨૨

## અનુક્રમ

| | | | |
|---|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૪ |
| ૨. | સાધનાનું હૃદય | શ્રીમોટા | ૫ |
| ૩. | ભિક્ષુ અખંડાનંદનો મેળાપ | ડૉ. અરુણિકા મનોજ દરૂ | ૬ |
| ૪. | સંસાર પણ સાધનાને સહાયક થાય | શ્રીમોટા | ૯ |
| ૫. | મુક્ત હોય તે મુક્તિ અપાવે | સ્વામી શ્રીનિત્યાનંદજી | ૧૦ |
| ૬. | 'પ્રણામ પ્રલાપ' અંગે | શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ | ૧૨ |
| ૭. | પૂજ્ય શ્રીમોટા સાથેના મારા સંભારણા-૩ | એક સ્વજન તથા કોકીલા કે. બારાઈ | ૧૪ |
| ૮. | મૃત્યુ - શ્રીભગવાનનો અવિચળ અટલ નિયમ | શ્રીમોટા | ૧૭ |
| ૯. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ડૉ. મનસુખભાઈ પટેલ | ૨૦ |
| ૧૦. | સૂર્યશક્તિને જાણો-૧ | પારુલ આર. પટેલ | ૨૨ |
| ૧૧. | તો સહેવું બને સહેલું | મુનિ ઉદયવલ્લભવિજય | ૨૫ |
| ૧૨. | ગુરુ પ્રત્યે પૂજ્યભાવ શા માટે ? | શ્રીમોટા | ૨૬ |

### જ્ઞાનદાન સહયોગ

પૂજ્ય શ્રીમોટાના વડોદરાનિવાસી સ્વજન શ્રી કંદર્પ ગજેન્દ્ર બ્રહ્મભટ્ટ તરફથી સ્વ. શ્રી આરતી ગજેન્દ્ર બ્રહ્મભટ્ટની પૂણ્યતિથિ નિમિત્તે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે. તે બદલ ઘણા ઘણા આભારી છીએ.

**- સંપાદક**

# (૧) પદ્યપ્રસાદી

સંપાદક : શ્રી હેમંતકુમાર નીલકંઠ તથા શ્રી નંદુભાઈ શાહ

## ગુરુને અંજલિ

(અનુષ્ટુપ)

વિના કર્મ પ્રભુનામાં ના પ્રવેશી કદી શકો,
કર્મ તેથી પ્રભુભાવે કરવા ધારણા ધરો.

નિરાલંબ, નિરાસક્ત, નિર્મમત્વ સગુણ તે,
જીવને તેવું વર્તતાં થવાયે તેવું જીવને.

ત્યાં લગી કર્મ મર્યાદા જીવને વર્તતી રહે,
જતાં ઓળંગી તે કક્ષા શો સ્વતંત્ર પછી બને !

ગુરુની શી પ્રભુતા હા, ગુરુ સર્વોપરી થવા,
કેવી કેવી રીતે હૈયે મથ્યા મને દૃઢાવવા.

ગુરુના પ્રેમની ઝાંખી કો' રીતે ના કરી શકું,
મારામાં એમના જેવા ના બિંદુ એક પ્રેમનું.

ગુરુ વિના નથી મુક્તિ સત્ય એ જીવને ઠસ્યું,
ગુરુના ગુણગાનોની શી મહા તે કથા કથું ?

સંભારણાં ગુરુનાં તે મને સ્ફુર્યાં કરે હૃદે,
ગુરુ ના હોત તો કેવો રહ્યો પામર હું હતે !

શ્રદ્ધા વિશ્વાસ એનામાં જીવતાં રાખવા મથ્યો,
એમનાં વચને તેથી કાઢતાં પ્રાણ હું શીખ્યો.

ગુરુ ના દેહધારી તે ગુરુ તો સૂક્ષ્મ ભાવ તે,
ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને.

ગુરુ પ્રત્યક્ષ છો ના હો ગુરુની ભાવના હૃદે,
દૃઢાવતાં રહીશું જો મેળે પ્રત્યક્ષ તે થશે.

ગુરુની ચેતનાશક્તિ જીવને તે પ્રવેશવા,
અને કરી શકે કાર્ય આપણાં, તે પ્રમાણવા.

*કાશી* *તા. ૫-૪-૧૯૪૪*

'જીવનપાથેય', આ.૪, પૃ.૩-૬ (સંકલન) ❑

## પદ્યપ્રસાદી

(દોહરા)

**પોષે** શીતઋતુ દાખવે, હૈયું કંપતું ખૂબ;
વાલમ-ગોદ મળે મીઠી, પામું હૈયે હૂંફ.

**પોષે** પુષ્ટ ન હું થઈ, હૃદયે લાગ્યો શો રોગ ?
ઉરે કળ કાંઈ નવ પડે, ગળે ગળાવે એ રોગ
હેતે કરી હૈયે સ્મરું, ઝંખ્યા કરું નિશદિન;
ઝૂરી ઝૂરી દાસી મરું, જયમ જળ-બ્હાર મીન.

શાને નમેરા હરિ ! થયા, હૈયાં કરતાં શું ભંગ ?
ઉમેદો બર આવી નહિ, હૈયા ઉદ્વેગે તંગ
હરનિશ હરઘડી ઉરથી, વીસર્યા ન વિસરાય
પ્રીત કરી શેં પીડવું ? આવા નગુણા શે ? રાય !

પ્રેમ પુરાણો, નવ તૂટે કેમ તોડાવ્યો, નાથ !
દિલે હરિ ! એ જડાઈ ગયો, જયમ રેશમ-ગાંઠ.
વ્હાલભર્યું હૈયું રંકનું, નયને નીતરે પ્રેમ;
પ્રીતમ પ્રીતે ઉર લ્યો નહિ, એવો લીધો શું નેમ ?

ટાઢ શિયાળાની પડે, દૂર તાપ ન થાય;
પ્રીતમ હાથ આવે નહિ, પીડ ઉર ન સ્હેવાય.
કરગરી, કરગરી વીનવું, લાગું પ્રીતમજી ! પાય;
આવો, આવો રે, ઉરના સાહ્યબા ! દુઃખ દૂર કરવા રાય !

સંદર્ભ : પ્રાર્થનાંજલી - 'પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ'માંથી સાભાર. ❑

(આ પુસ્તક હવે પ્રગટ થવા જઈ રહ્યું છે.)

## (૨) સાધનાનું હૃદય

શ્રીમોટા
સંપાદક : શ્રી હેમંતકુમાર નીલકંઠ તથા શ્રી નંદુભાઈ શાહ

આજે પણ તમારો કાગળ નથી. જ્યારે હૃદય ઝંખે ત્યારે નથી મળતું અને વધારે તપશ્ચર્યા તે કરાવે છે. એટલે તેમાં આનંદમાં રહીને આનંદની જ વૃત્તિ રાખ્યા કરીને હૃદયને તડપવા દેવું અને એવા તડપવામાં પણ કેવી કેવી મીઠી મીઠી ઊર્મિઓ ઊઠે છે, એવું જેને કોઈ વ્યસન પડ્યું હોય અને જ્યારે ન મળતું હોય ત્યારે જે તલપ લાગે છે, તેવો જ આદમી તે સમજી શકે, અનુભવી શકે.

મારા જીવનપ્રદાતા, જીવનપ્રેરક, જીવનજ્યોતિ, જીવન-આત્મા સમા, પૂજ્યપાદ ગુરુમહારાજે મને **આ** માર્ગમાં ઊંડો પ્રવેશ કરાવતાં પહેલાં કહેલું તે આજે કેટકેટલું યાદ આવે છે ! ત્યારે એની પૂરી સમજ આવી ન હતી, પણ એની મહત્તા તો સમજાઈ હતી. એની અનિવાર્યતા ગળે ઊતરતી હતી. તેથી જ એમનો હૃદયથી લાભ (એમની જ કૃપાથી) લેવાઈ શકાયો હતો. એ અવાજ, એ અવાજની ગંભીરતા, એ અવાજની મૃદુતા, એ અવાજનો શુદ્ધ સાત્ત્વિક પ્રેમ, એ અવાજમાં એમનો શુદ્ધ સાત્ત્વિક હુંકાર, એ અવાજમાં એમનો નિર્ગળતો આત્મા, એ બધું આજે પણ વર્તમાનવત્ નજર સામે હૃદય આગળ પ્રત્યક્ષ થઈ જાય છે અને એ સૌજન્યભરી સાક્ષાત્ આત્મ-પ્રેમમય મંગળ રમ્ય ભવ્ય ગૂઢ મૂર્તિને હૃદયની પ્રાર્થનાથી ભાવમય પ્રણામો કરું છું. અને તમારા નિમિત્તે એ પુણ્ય સંસ્મરણ થયું એથી તમને પણ મારાં અનેકાનેક હૃદયનાં પ્રેમભર્યાં આત્મોત્સર્ગપણે ઘણાં ઘણાં મીઠાં સંભારણાં. ('વંદનો' લખું તો તમને ઠીક ન લાગે, માટે તેમ લખ્યું છે, પરંતુ ભાવને યોગ્ય શબ્દો તો તે જ છે.)

---

मम हृदयं ते अस्तु ॥
मम चित्तं चित्तेनान्वेहि ॥
मम व्रते हृदयं ते दधामि ॥
मम वाचमेकमना जुषस्व ॥

'મારા હૃદયમાં તારું હૃદય હો !

મારા ચિત્તને તારા ચિત્ત વડે શોધ-શોધ્યા કર-અનુસર.

મારા જીવનવ્રતમાં તારું હૃદય મૂકું છું અથવા હું ધારણ કરું છું. એટલે કે તમારી હૃદયની ચેતનાનો ભાવ સતત મારા જીવનવ્રતમાં હું રાખ્યા કરું છું. મતલબ કે એવી ધારણા મારા જીવનમાં હું ધારણ કરું છું.

મારી વાણીને એકમન વડે (એકમના) એટલે એકાગ્ર મનન વડે આનંદથી સેવન કર.'

આ જ પુણ્યશ્લોકો એકવાર વિદ્યાપીઠમાં ગુજરાતના સંસ્કારપ્રચંડ વિદ્વદ્‌વર્ય શ્રી આનંદશંકરભાઈના શ્રીમુખે સાંભળેલા ત્યારે પણ હૃદયમાં જે આનંદમય ભાવાવેશ જાગેલો તે આજે પણ એટલો જ તાદૃશ્ય છે.

ઉપરના શ્લોકમાં સાધનાનું સાચું રહસ્ય સમાયેલું છે. અને તે પછી એમના હૃદયમાં મારું ક્ષુલ્લક પામર અજ્ઞાન હૃદયને સતત પરોવવાનો નમ્ર પ્રયાસ એની જ કૃપાથી કર્યા કરતો હતો. એમના ચિત્તને મારા ચિત્ત વડે (શુદ્ધ કરી કરીને) અનુસરવાનું જેમ સૂઝતું તેમ

**અનુસંધાન પેજ નં. ૮ પર**

## (૩) ભિક્ષુ અખંડાનંદનો મેળાપ

ડૉ. અરુણિકા મનોજ દરૂ

જીવનમાં કેટલીકવાર નાની લાગતી ઘટનાઓ પણ ઘણો મોટો પ્રભાવ પાડી જાય છે. યોગેશ્વરજીના જીવનમાં પણ એવું જ બન્યું. ભિક્ષુ અકંડાનંદે પત્ર મળે તે જ દિવસે નડિયાદના આશ્રમમાં મળવા માટે સૂચવ્યું હતું. એટલે યોગેશ્વરજી તો ખુશ થતાં થતાં તે જ દિવસે નડિયાદ પહોંચી ગયા. સ્વામીજી ત્યારે એક સાધારણ ખુરશી પર બેસી ભજનોનાં પ્રૂફ તપાસતા હતા. તેમણે ભગવો ઝભ્ભો પહેર્યો હતો. આકૃતિ પ્રભાવશાળી હતી. લોકોને સસ્તા ભાવે સારાં પુસ્તકો મળી રહે તે હેતુથી તેમણે 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'ની સ્થાપના કરેલી. એ સંસ્થાના પ્રકાશન હેઠળ ઘણાં સારાં સારાં ઉપયોગી પુસ્તકો સસ્તી કિંમતે બહાર પાડવા માંડ્યાં હતાં. સેવાના આ ભેખધારીએ સસ્તા સાહિત્યના પ્રકાશન દ્વારા શ્રીરામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, ચૈતન્ય મહાપ્રભુ વગેરેનાં જીવનનો તથા જ્ઞાનેશ્વરી, ભાગવત, રામાયણ, યોગવશિષ્ટ અને દાસબોધ જેવા ઉત્તમ ગ્રંથોનો ગુજરાતીમાં પરિચય કરાવ્યો હતો. ભક્તિભાવથી સભર એવા મહાન કર્મયોગીને મળતાં, સાધનાને માર્ગે નવો નવો પ્રવાસ પ્રારંભ કરનાર યોગેશ્વર તો ખુશ ખુશ થઈ ગયા.

લાંબા સમય સુધી સ્વામીજી પોતાના કામમાં વ્યવસ્ત રહ્યા પછી કામ બાજુએ મૂકીને ખૂબ શાંતિથી તેમણે ભવિષ્યના આ મહાન યોગીને પ્રશ્નો પૂછવા માંડ્યા. અલબત્ત એમનો હેતુ આટલી નાની વયમાં વૈરાગ્ય લઈને હિમાલય જવા પાછળના આશયને જાણવાનો હતો. પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં યોગેશ્વરજીએ કહ્યું : ''મારા વૈરાગ્ય પાછળ ગાંડપણ, મગજની નબળાઈ કે ઘેલછા નથી. મારું મન સંસારમાં લાગતું નથી. પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની મને લગની લાગી છે. તેને માટે મારું હૃદય રડ્યા કરે છે. મને લાગે છે કે તેના વિના મારું જીવન વ્યર્થ વહી રહ્યું છે. તેને માટે હું ગમે તેવો ભોગ આપવા પણ તૈયાર છું. સ્ત્રીમાત્રમાં' જગદંબાની ઝાંખી કરવાની મેં ટેવ પાડી છે. એટલે મને કામવાસના નથી થતી અને લગ્ન કરવાની જરૂર નથી જણાતી. બ્રહ્મચર્ય મારે માટે સહજ થઈ ગયું છે અને તેના પાલનનું મેં વ્રત લીધું છે. મને શ્રદ્ધા છે કે જો હિમાલયના શાંત અને સુંદર વાતાવરણમાં રહેવા મળે, તો વધારેમાં વધારે છ મહિનામાં મને પરમાત્માનો સાક્ષાત્કાર થઈ શકે અને શાંતિ મળે. આ જીવન પરમાત્માની પ્રાપ્તિ માટે જ છે તેની મને ખાતરી થઈ છે. તેના વિના મને ચેન પડતું નથી; માટે જ મેં તમને બનતી મદદ કરવાની વિનંતી કરી છે.''

આ જવાબ સાંભળી સ્વામીજીની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. તેમણે કહ્યું, ''તમારું સદ્ભાગ્ય છે કે આટલી નાની ઉંમરમાં તમને આવા સુંદર વિચારો સૂઝે છે. બાકી અમારું જીવન તો આજ સુધી એમ ને એમ જ વહી ગયું. પછી થોડોક વખત સુધી કેટલીક ધાર્મિક વાતો કરી. પછી તેમની બાજુમાં

પડેલી કૃષ્ણની બે મોટી મૂર્તિ આગ્રહ કરીને યોગેશ્વરજીને આપી દીધી.''

સાંજે તેમને પોતાની સાથે ફરવા લઈ ગયા. સાંજના ભોજન વિષે પૂછ્યું. પણ યોગેશ્વરજીએ તો કૉલેજકાળથી જ એક ટંક જમવાની ટેવ પાડેલી. આને કારણે પેટ હલકું રહેતું અને સાધના-ભજન વગેરેમાં સરળતા રહેતી. તેથી સાંજના ભોજનનો તો કોઈ પ્રશ્ન જ ન હતો. તેઓ સાદાઈથી રહેવામાં માનતા હોવાથી પગમાં ચંપલ કે બૂટ પહેરતા ન હતા. સ્વામીજીએ આગ્રહ કર્યો એટલે ત્યાં પડેલાં ચંપલબૂટની અનેક જોડીઓમાંથી સપાટની એક જોડી તેમને લેવી જ પડી.

સ્વામીજીને ભજનો ખૂબ પ્રિય હતાં એટલે તેમણે યોગેશ્વરજી પાસે રાત્રે બે વાગ્યા સુધી ભજનો ગવડાવ્યાં. એક પૂરું થાય એટલે બીજું, બીજું પૂરું થાય એટલે ત્રીજું...એમ સ્વામીજીએ આપેલા ભજનસંગ્રહમાંથી સંખ્યાબંધ ભજનો ગાઈને યોગેશ્વરજી કંટાળ્યા પછી રાત્રે સૂવા મળ્યું. સવારે ચાર વાગ્યાની ગાડીમાં તેમની સાથે અમદાવાદ જવાનું હતું.

ગાડીમાંના તે ડબ્બામાં તેમના બે સિવાય કોઈ ન હતું. સ્વામીજીએ ત્યારે પાછાં ભજનો ગવડાવ્યાં. યોગેશ્વરજીને આ બે દિવસમાં સ્વામીજીનાં ત્રિવિધ રૂપ જોવા મળ્યાં. મળવા આવ્યા ત્યારે કાર્યરત કર્મઠરૂપ; યોગેશ્વરજીના હિમાલય જવાનો આશય જાણી, તમારું સદ્ભાગ્ય છે કે નાની વયમાં આવા વિચારો સૂઝે છે કહેતાં આંખમાં આંસુ આવ્યાં ત્યારે પ્રેમાળ ભક્તરૂપ અને ત્રીજા રૂપનાં દર્શન થયાં સ્ટેશને ઊતરતાં. અમદાવાદ સ્ટેશને કાર્યાલયનાં એક ભાઈ આવેલા. તેમની સાથે આ બંને આગળ વધ્યા. રસ્તામાં ફૂટપાથ પર બેઠેલા માણસોને સ્વામીજીની આજ્ઞાથી તે ભાઈ પૈસા આપતા હતા. બીજાનું દુઃખ જોઈ દ્રવી જનાર દયાળુ સ્વરૂપનાં ત્યારે તેમને દર્શન થયાં. એટલું જ નહીં, તેમને તો એ સ્વરૂપનો અચ્છો ચિરસ્મરણીય અનુભવ પણ થયો.

શરૂઆતમાં તો સ્વામીજીએ તેમનો પોતાનો કાર્યભાર ભવિષ્યમાં સંભાળી લેવા માટેનો પ્રસ્તાવ મૂક્યો. યોગેશ્વરજીને આ જાતની સેવામાં રસ ન હતો એમ નહીં પણ મનની પ્રબળ ઈચ્છા યોગેશ્વર બનીને પરમાત્માના સાક્ષાત્કારની હતી. એટલે એમણે નમ્રતાપૂર્વક એ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. બીજો પ્રસ્તાવ તેમની સાથે હિમાલયમાં પ્રવાસ અને સંતસમાગમનો મૂક્યો પણ પરમ પ્રાપ્તિના માર્ગે દૃઢ સંકલ્પ કરી, એકલપ્રવાસ કરનાર એ પ્રસ્તાવ શી રીતે સ્વીકારી શકે ? ત્યારે તેમણે ત્રીજા પ્રસ્તાવરૂપે એક શરત મૂકીને કહ્યું તમે જરૂર જાઓ પણ ત્યાંથી પાછા ફર્યા પછી મને પત્ર લખતા રહેજો, સમાચાર જણાવજો અને પાછા મળજો.

સ્વામીજીની સંસ્થા સાર્વજનિક હતી. એટલે સામાન્ય રીતે તેઓ કોઈને પૈસાની મદદ આપતા નહિ પણ યોગેશ્વરજીના ઉચ્ચ વિચારો

જાણી, તેઓ એટલો આનંદ પામ્યા કે અપવાદરૂપ ગણીને તેમણે તેમને પૈસા આપ્યા અને તે રૂપિયા સો નહિ, ટિકિટ તથા માર્ગવ્યયનો હિસાબ કરી પૂરા એકસોવીસ રૂપિયા આપ્યા. પછી એક ભાઈને મોકલી તેમને વીશીમાં જમાડ્યા અને જતાં પહેલાં પંદરેક પુસ્તકો ભેટ આપ્યાં અને રામકૃષ્ણ પરમહંસ તથા સ્વામી વિવેકાનંદનાં બે મોટાં ચિત્રો પણ આપ્યાં, જે યોગેશ્વર બન્યા પછી પણ તેમણે સ્વામીજીની સ્મૃતિમાં સાચવી રાખ્યાં. જતાં જતાં યોગેશ્વરજીએ આભારની લાગણી વ્યક્ત કરી તો આ નમ્ર સાધુને ગુસ્સો આવ્યો. એ રૌદ્રરૂપદર્શન પામી તેઓ વિદાય થયા.

સંસ્થાના નિયમનો અપવાદ કરીને કરેલી સ્વામીજીની એ સમયસરની આર્થિક સહાયે યોગેશ્વરજીના જીવનના ઉમદા આશયને પૂર્ણ કરવામાં ઘણો અર્થપૂર્ણ ફાળો આપ્યો. ભાઈલાલને ભગવંત બનાવવામાં ઘણી જ મહત્ત્વની સહાય કરી. એ વગર આ યુવક હિમાલય જવાના તેના પહાડસમા અડગ નિર્ણયને શી રીતે અમલમાં મૂકી શકત ! ખરે જ ભિક્ષુ અખંડાનંદજીએ યોગેશ્વરજી માટે અખંડ આનંદની પ્રાપ્તિનો માર્ગ મોકળો કરી આપીને, પરોક્ષ રીતે અમૂલ્ય સહાય કરી. હિમાલયમાંથી પાછા આવીને શરત પ્રમાણે તેમણે સ્વામીજીને પત્ર લખ્યો પણ ફરીથી ક્યારેય મળી શકાયું નહિ.

'મહાત્મા યોગેશ્વરજી', પ્ર.આ., પૃ. ૨૪-૨૮ ❑

**અનુસંધાન પેજ નં. ૫ નું ચાલુ**

મથ્યા કરતો. એમના જીવન-વ્રતમાં-ચારિત્રમાં-મારી હૃદયભાવનાની સમગ્રપણે ધારણા રાખ્યા જ કરવાનું બન્યા જતું અને એમની વાણીને એકાગ્ર મન વડે - એક મને - આનંદથી સેવન કર્યાં જ કરવાને સતત અખંડ એકધારો પ્રભુકૃપાથી પ્રયત્ન કર્યા જ કરેલો. જેમની જેમની પાસેથી જે કંઈ શીખવાનું મળ્યા કરેલું હતું, એમનામાં તે તે રીતની જીવનદૃષ્ટિ, વૃત્તિ અને વલણ સહજપણે પછીથી મારાથી રખાઈ શકાતાં. એવી એ ગુરુકૃપા હતી.

એ પુણ્ય શ્લોકો સાધનાનું હૃદય છે. તે વિના જીવન મેળવવું લગભગ દુર્લભ છે. જીવન કંઈ કાળપ્રવાહમાં તણાયા કરતું માત્ર લાકડું નથી, પણ જીવન એ તો કાળને પણ વશ રાખી શકે એવી ચૈતન્યશક્તિનો આવિર્ભાવ છે. ઊર્મિઓના પ્રવાહ પ્રમાણે તણાયા કરવું-ઘસડાયા કરવું - 'Drifting' એ કંઈ જીવન નથી. જીવન તો એક મૂર્તિમંત સાક્ષાત્ કળા છે. જીવન એ તો ચૈતન્યશક્તિથી આવિર્ભાવ પામતી સર્વાંગસુંદર કળા હોવી ઘટે. એવું જીવન કાલ્પનિક તરંગોથી આપણે મેળવી શકવાના નથી જ. લાકડામાંથી કોઈ આકાર ઘડી લેવાનો હોય તો તે કારીગર પાસેથી તેને આકાર પમાડવાનું જ્ઞાન, એ માટે વાપરવાનાં જોઈતાં સાધનોની ખબર અને એને યોગ્ય કુશળતાથી વાપરવાની આવડત તથા લાકડામાંથી તે આકાર ઘડી કાઢવા માટેની ખેવના, ખંત આંતર્દષ્ટિ - આ બધું તે માગી જ લે છે, અને એવું જ સાધનામાં થવાપણું રહેલું છે.

*હરિજન આશ્રમ, સાબરમતી તા. ૨૬-૬-૧૯૪૩*

# (૪) સંસાર પણ સાધનાને સહાયક થાય

આપણે જે માર્ગે જવું છે, તે માર્ગનું જ્ઞાનભાન અને તેની યોગ્ય સમજણ જો જીવતાં ન રહ્યા કરે તો તે માર્ગમાં આપણે પ્રવેશી શકવાના નથી. સંસારવહેવાર, સગાંસંબંધી એ બધાં આપણને મળેલાં છે અને તેમની તેમની સાથેના અનેક પ્રકારના પ્રસંગોમાં આપણને મુકાઈ જવું પડે અને તેવી તેવી સ્થિતિમાં આપણે કેટલા જ્ઞાનપૂર્વક જાગૃત રહી શકીએ છીએ, તેની પરખ આપણને થતી રહે અને એમ કરતાં કરતાં જેમ જેમ આપણી એવી જાગૃતિ વધે તેમ તેમ ધ્યેય પરત્વેનું મનન, ચિંતવન અને નિદિધ્યાસન વધારે સતેજ બનતું જાય છે. કોઈ ઠેકાણે જવાનું હોય અને ભૂલું પડાયું છે, એવી ખબર જો પડે તો કેટલાય માણસોને પૂછીપૂછીને ઠેકાણું ખોળીને સ્થળે પહોંચવાનું આપણે કરીએ છીએ. એટલે આમાં પણ આપણને ભૂલા પડ્યાનું ભાન જો જાગે અને તેનું દર્દ જો અંતરમાં સાલે તો આપણે એકની એક સ્થિતિમાં કદી પડી રહી શકીએ નહિ. જે જીવ પ્રભુકૃપાથી જાગેલો છે, એવો જીવ કદી ભૂલો પડતો જ નથી એવું નથી હોતું. તે ભૂલો તો પડે છે, પણ તેને પ્રભુકૃપાથી ભૂલા પડ્યાનું સવેળા ભાન જાગી જાય છે અને તેને ત્યારે હૃદયમાં ડંખની વેદના પ્રગટે છે. એવી વેદનાના પ્રતાપે તે જાગૃત અને સચેતન બની જાય છે અને એવું ભૂલું પડવાનું તો એને આશીર્વાદરૂપ થઈ પડે છે. માટે, સંસારવહેવાર જે મળેલો છે અને તેમાં અનેક જાતની પ્રકૃતિનાં સ્વરૂપો છે, તે આપણને, જો રસ્તે જવું હોય છે તો, અવરોધ કરતાં અનુભવમાં આવે છે ખરાં, પરંતુ તે સાથેસાથે જો આપણા દિલની ધગધગતી તમન્ના અને સાચી દાનત હોય તો તેમાંથી બળ પણ તેટલું જ મળે છે. ભગવાનનું નામસ્મરણ કરતાં રહેવું. **એક એક શબ્દ સમજી - વિચારીને બોલવો કે જેથી કોઈની સાથે કડવાશ ઊભી ના થાય.**

### જ્ઞાન-સમજણને જીવનમાં ઉતારો

જીવન એ એટલું બધું વિસ્તારવાળું અને વિવિધતાવાળું છે કે જો તેનો છેદ કરવા બેસીએ તો અંત પણ ન આવે. જીવનને તેથી કોઈ પણ નકારી શકતું નથી. એને સ્વીકારવામાં જ આનંદ છે. જીવનને જે સ્વીકારે છે અને એવી મનોભાવના જેનામાં પ્રગટી છે તેવો જીવ આગળ હોય કે પાછળ હોય, તેની વાસ્તવિકતાની ભૂમિકા તે છોડતો હોતો નથી. આવો જીવ કશું ગુમાવતો હોતો પણ નથી અને તેનું મેળવેલું જતું રહેતું પણ નથી. જે જે કંઈ મળતું રહે છે, જતું હોય છે, આવતું હોય છે અથવા તો જે જે કંઈ થયા કરે છે, તેના તેના હાર્દને સમજવાને તે મથે છે. જે કોઈ એવી રીતે અને એવા ભાવે જે તે બધું સમજવા મથે છે અને એવું સમજવાની અંદર જેનો જીવતોજાગતો હૃદયનો પ્રયત્ન છે, એવો માનવી તે વસ્તુના અંતરમાં ઊતરી શકવાનો છે, તેને પામી પણ શકવાનો છે. હૃદયની સંપૂર્ણ ભક્તિ

**અનુસંધાન પેજ નં. ૧૬ પર**

## (૫) મુક્ત હોય તે મુક્તિ અપાવે

**સ્વામી શ્રીનિત્યાનંદજી**

સાંજના સમયે ત્રિભુવનભાઈ પૂછવા લાગ્યા કે, જેઓ માયિક પદાર્થમાં મોહમમતાથી બંધાઈ ગયેલા હોય, તેઓ બીજાને માયાના બંધનમાંથી છોડાવી શકે ખરા ?

આ સાંભળી સ્વામી શ્રીનિત્યાનંદજીએ કહ્યું કે, કબીર મહારાજ કહે છે કે :

*બંધે સે બંધા મિલા, છૂટે કો ન ઉપાય,*
*સંગત કરીએ નિર્બંધ કી, પલ મેં દેય છુડાય.*

આ ઉપર દૃષ્ટાંત છે કે, એક રાજાને ભાગવત ઉપર અતિ શ્રદ્ધા હતી. જેથી એક વિદ્વાન વ્યાસ પાસે તે રાજા ભાગવત શ્રવણ કરતા હતા. નિયમસર પાંચસાત વર્ષ સુધી ભાગવત શ્રવણ કર્યું. પછી તેણે વ્યાસને પૂછ્યું કે પરીક્ષિત રાજાને માત્ર સાત જ દિવસ ભાગવત શ્રવણ કરવાથી પ્રભુદર્શન થયાં હતાં, પણ હું તો આટલાં વર્ષોથી શ્રવણ કરું છું, છતાં મને પ્રભુદર્શન કેમ થતાં નથી ? આ પ્રશ્નનો ત્રણ દિવસમાં જવાબ આપવા રાજાજીએ વ્યાસને કહ્યું. વ્યાસ પાસે આ માટે કોઈ જવાબ ન હતો. તેથી, તેઓ ઉદાસીન થઈ પોતાને ઘેર ગયા.

હવે, એક સંન્યાસી ભીક્ષા માગવા માટે વ્યાસને ત્યાં આવ્યો ત્યારે વ્યાસને ઉદાસીન જોતાં તેનું કારણ પૂછ્યું. વ્યાસજીએ બધી વિગત કહી સંભળાવી. એટલે સંન્યાસીએ કહ્યું કે આ પ્રશ્નનો જવાબ તેઓ આપશે, પરંતુ તે માટે પોતે જેમ કહે તેમ રાજાએ કરવું પડશે. તે પ્રમાણે બધું નક્કી થતાં સંન્યાસી, રાજાને ત્યાં આવ્યા અને સંન્યાસીએ રાજા તથા વ્યાસને સામસામે જુદે જુદે થાંભલે બાંધી દીધા. પછી રાજાને છોડાવવા માટે વ્યાસને સંન્યાસીએ આજ્ઞા કરી, પરંતુ તે શક્ય ન હતું. તે ઉપરથી સંન્યાસીએ રાજાને કહ્યું કે આ વ્યાસ અવિદ્યાથી બંધાયેલ છે અને આપ પણ બંધન-યુક્ત છો. એટલે **બંધનયુક્ત બંધનવાળાને કેવી રીતે છોડાવી શકે ?**

વળી, આ સંબંધમાં ભક્તરાજ અખો કહે છે કે,

(છપ્પા)

*કથા કરી તે શુકજીએ કરી, પરીક્ષિતે મેળવ્યા હરિ,*
*શિખ થઈ ત્યારે આપ્યું શું, નગ્ન થઈ ગયા વનમાં પશુ,*
*નિઃસ્પૃહીની એવી છે કથા, બીજી અખા પેટ ભરવાની વ્યથા.*

એટલે કે ખરી કથા તો શુકદેવજીએ કરી હતી અને રાજા પરીક્ષિતને સાત દિવસમાં ઈશ્વરસાક્ષાત્કાર કરાવ્યો. શુકદેવજીએ પણ કથા પૂર્ણ થતાં (શિખ) દક્ષિણા વગેરે કંઈ લેવું તો એક બાજુએ રહ્યું પણ ઊલટાં વસ્ત્રો ફેંકી (પોતે કંઈ પહેરતા ન હતા પણ કથા વખતે બીજાઓએ તેમના શરીર ઉપર વસ્ત્ર વીંટાળ્યું હતું.) નગ્ન થઈ જંગલમાં ચાલ્યા ગયા.

(છપ્પા)

*વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યા બેટી ઉછેરી ઘેર,*
*વ્યાસ કથા કરે ને રડે, જાણે દ્રવ્ય અદકેરું જડે,*
*જો જાણ્યે વાંચ્યાની પેર, અખા કાં ન વાંચે પોતાને ઘેર ?*

પહેલાં વેદશાસ્ત્રનો અભ્યાસ ખાસ જ્ઞાન માટે કરવામાં આવતો હતો. કંઈ કથા કરવા માટે કરવામાં આવતો નહિ, પણ આજકાલ તો શાસ્ત્રનો અભ્યાસ મોટે ભાગે માનપ્રતિષ્ઠા મેળવવા સારુ, તેમ જ દ્રવ્યાદિકની પ્રાપ્તિ માટે

જ કરવામાં આવે છે. એટલે **શાસ્ત્રાભ્યાસ નિર્વાહનું સાધન બન્યું છે. પહેલાં જ્યોતિશાસ્ત્ર, વૈદશાસ્ત્ર વગેરેનો અભ્યાસ પરોપકાર માટે જ થતો.**

સ્વામી પ્રકાશાનંદજીએ કહ્યું કે જે ક્રિયાવાન છે તે જ માણસ છે. ફક્ત સારા વિચાર કરવાથી કે ઔષધના નામ લેવાથી રોગીનો રોગ મટતો નથી.

વળી, ગીતા વાંચ્યા પછી રાગદ્વેષાદિ આસુરી અને રાક્ષસી સ્વભાવની નિવૃત્તિ થવી જોઈએ, તેમ જ દૈવી સંપત્તિ ધારણ કરી આત્મસાક્ષાત્કાર કરવો રહ્યો. એમ ના કરનાર શાસ્ત્ર ભણ્યા છતાં પણ મૂર્ખ જ છે એટલે કે પઠિત મૂર્ખ છે.

સ્વામી રામદાસ પણ પોતાના અભંગમાં આવા પઠિતમૂર્ખ અંગે કહે છે કે :

ઉત્તમ પુસ્તકોનું શ્રવણ નિત્ય કરવા છતાં પણ જે પોતાના અવગુણને છોડે નહિ તે પઠિત મૂર્ખ છે. જેનામાં ભક્તિનું સાધન નથી, વૈરાગ્ય કે ભજનભાવ નથી અને જે આચરણ કર્યા વગર માત્ર બ્રહ્મજ્ઞાનની વાતો જ કરે છે તે પઠિત મૂર્ખ છે. જ્ઞાનની વાતો બોલીને જે પોતાનો સ્વાર્થ સાધે અને કૃપણ થઈ જે ધનનો સંચય કરે તે પઠિત મૂર્ખ છે. જે બહુશ્રુત અને બુદ્ધિમાન થઈને બ્રહ્મજ્ઞાનની વાતો કરે, છતાંય મનમાં દુરાશા અને અભિમાન રાખે તે પઠિત મૂર્ખ છે. ઉપરાંત, અધિકાર વિના વ્યાખ્યાન આપવાનો વૃથા શ્રમ લેનાર, કઠિન વચનો બોલનાર અને બીજાની ખોડખાંપણો કાઢી પોતે દેહાભિમાન રાખનાર પઠિત મૂર્ખ છે. **પોતાના દોષોનું ભાન રાખ્યા વિના અન્યના દોષો કાઢનાર**, પરમાત્માને મૂકીને મનુષ્યની સ્તુતિ કરનાર પઠિત મૂર્ખ છે. પોતાના વૈભવમાં મસ્ત બનીને સદ્‌ગુરુની ઉપેક્ષા કરનાર તેમ જ પોતાની ગુરુપરંપરા છુપાવનાર પઠિત મૂર્ખ છે. શાસ્ત્રને જાણીને તે પ્રમાણે ક્રિયા ન કરનાર મૂર્ખ છે. જે ક્રિયાવાન છે તે જ માણસ છે, પુરુષ છે.

'વાર્તાલાપ', પ્ર. આ., પૃ. ૨૯૯ ❑

---

**અનુસંધાન પેજ નં. ૨૫ નું ચાલુ**

જ પણ શૂળીની સજા સોયથી પતી જતી લાગે ત્યારે તે પીડા કંઈ જ નથી લાગતી.'

શરીર કોઈ રોગથી ઘેરાય તે કમનસીબી ખરી પણ તે રોગની ચિકિત્સા થઈ શકે તેવા સંયોગો મળે, અને બીજાઓ સેવા કરનારા મળે તેટલા અંશમાં નસીબની બલિહારી નહિ ? અત્યંત દરિદ્ર અવસ્થા અને નિરાધાર અવસ્થામાં આવો રોગ ઝીંકાયો હોત તો શું થાત ? આ વિચારણા રોગની પીડાને હળવી ચોક્કસ બનાવી દે.

ઘરમાં આર્થિક સંકડામણ હોવાથી ઘરખર્ચ પણ વિચારીને કરવો પડે તેવી સ્થિતિમાં વધારો કરતા સાથે માંદગી પણ ઝીંકાઈ હોત તો શું થાત ? આ વિચારણા આર્થિક કટોકટીની પીડાને હળવી ચોક્કસ બનાવી દે. માણસ આવેલા સુખને હંમેશા ઓછું માને છે તેથી સુખ મેળવવાના પ્રયાસોમાં તે થાકતો નથી. તેમ આવેલું દુઃખ હંમેશા ઓછું લાગે તો દુઃખને સહન કરવાનું પણ બળ મળે.

'મનનો મેડીક્લેઈમ', પ્ર.આ., પૃ. ૩૭-૩૯ ❑

# (૬) 'પ્રણામ પ્રલાપ' અંગે

**શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ**

(૧)

શ્રી ચૂનીલાલ ભગત(પૂજ્ય શ્રીમોટા) આ સંગ્રહના લેખક. તેઓ મારા વતન કાલોલમાં વિદ્યાર્થી હતા, ત્યારથી આજ સુધી તેમની સાથેનો મારો મીઠો સંબંધ ચાલુ જ છે. વિદ્યાર્થી તરીકેની તેમણે મારા ઉપર પાડેલી છાપ બહુ જ સુંદર છે. વર્ગમાં તેઓ પ્રથમ સ્થાને જ રહેતા. કાલોલની શાળામાં શાળાના સહાયક તરીકે કોઈવાર શિક્ષણ આપતા નાનાલાલના ઇંદુકુમારનો એક પ્રવેશ મેં વાંચ્યો અને વિદ્યાર્થીઓ ઉપર તેની પડેલી છાપ નિહાળવા મેં વિદ્યાર્થીઓ પાસે તેની લેખી અસર માગી. મને હજુ યાદ છે કે એ સર્વ લખાણોમાં ભક્તનું લખાણ મને પ્રસન્ન કરી શક્યું હતું.

શ્રી ચૂનીલાલ (શ્રીમોટા)ની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી જરૂર જ્વલંત હોત, જો તેમણે મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ પકડી રાખ્યો હોત તો અને એના જ્વલંતપણા ઉપર તેમની સામાજિક – એટલે આર્થિકકક્ષા પણ ધ્યાન ખેંચે એવી જરૂર બની શકી હોત. પરંતુ તેમણે અમુક ભૂમિકાએ પહોંચ્યા પછી રાષ્ટ્રીય કેળવણી આપવા સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો. જ્વલંત આર્થિક અને સામાજિક ભૂમિકા તેમણે જતી કરી, પરંતુ એક સાચા મૂક સમાજસેવક અને પ્રભુભક્ત તરીકે તેઓ વિકસ્યા. સમાજસેવક કે ભક્ત પોતાની આસપાસ બહુ ઝળકાટ ઊભો ન જ કરે. જોકે ઝળકાટ શોખીન સમાજસેવકો અને ભક્તોનો તોટો આપણા દેશમાં નથી જ. સમાજસેવક કે ભક્ત તરીકે દુનિયા - કહો કે ગુજરાતી દુનિયા – તેમને હજી ઓળખતી હશે કે કેમ તેની મને શંકા છે. તેમને ન ઓળખે એમાં જ એમની સેવા અને ભક્તિની સચ્ચાઈ સમાયેલી લાગે છે. ગાંધીપ્રવૃત્તિએ ગુજરાતને શુદ્ધ કંચનની કણકે બંધાયેલા - ઘડાયેલા પુરુષો આપ્યા છે !

મિશ્રણ તો જોઈએ એટલાં અને માગીએ ત્યાં મળે એવાં છે. રાગદ્વેષથી ભરપૂર, કીર્તિલોભી, ગાદીવાંછું, ગાંધીજીના નામને, રાષ્ટ્રભાવનાને અને ખાદીના ગણવેશને વટાવી ખાનારા, ભંગારમાં પણ ખપવા ન જોઈએ એવા કંઈક કુટિલ નેતાઓ અને સેવકો ગાંધી પ્રવૃત્તિને કીચડ બનાવી રહેલા નિત્ય મળી રહે છે. શ્રી ચૂનીલાલ ભક્ત (પૂજ્ય શ્રીમોટા) ગાંધી-પ્રવૃત્તિની સુવર્ણ કિનાર છે. ગાંધીજી તેમને ઓળખતા હોય કે ન હોય તોપણ હરિજન પ્રવૃત્તિને અપનાવવામાં શ્રી ચૂનીલાલ ભક્તે (પૂજ્ય શ્રીમોટા) કીર્તિને ઠોકરે ચઢાવી છે.

શ્રી ચૂનીલાલ (પૂજ્ય શ્રીમોટા)ની માનવતાનાં - શુદ્ધ સેવાનાં ઘણાંય દૃષ્ટાંતો મળી આવે એમ છે. મારા અનુભવનું હું એક જ દૃષ્ટાંત આપું. મારાં વૃદ્ધ માસીની આંખે મોતિયો કઢાવ્યો - નવસારીમાં. શ્રી ચૂનીલાલ (પૂજ્ય શ્રીમોટા) નવસારીમાં જ હરિજન પ્રવૃત્તિ અંગે રહેતા હતા. તેમને ખબર પડી. મારા અને મારાં માસીના કુટુંબ સાથે એમને સારો

અંગત પરિચય. શ્રી ચૂનીલાલે મારાં માસીની સારવાર હાથમાં લીધી, અને રાતોના ઉજાગરા કરી ધન્યવાદની જરાય અપેક્ષા રાખ્યા વગર અમારા ઉજાગરાને નિરર્થક બનાવી દઈ અમને સહુને આરામ આપ્યો. દર્દીની આવી એકનિષ્ઠ સારવાર કરતી બહુ જ થોડી વ્યક્તિઓ મારા જોવામાં આવી છે.

આમ, સાચી સેવામાં તન્મય થનાર શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) એક પ્રભુભક્ત પણ છે, એ હું લાંબા સમયથી જાણું છું. અશ્રુભરી આંખો સાથે દયારામ કવિનાં કાવ્યો ગૂંજતા મેં તેમને કદી કદી જોયા સાંભળ્યા છે. હું જાતે ભક્ત નથી. ભક્તો સરખી તાલાવેલી સાથે હું હજી પ્રભુ તરફ દોરાયો નથી. શાસ્ત્રજ્ઞાન કે અધ્યાત્મ અનુભવનો હું તલપૂર પણ દાવો કરી શકું એમ નથી. પરંતુ ભક્ત માનસને પિછાનવાનો મારો પ્રયત્ન છે ખરો. માનવહૃદયને ઘડવાને, તેને કૂણું બનાવવામાં, તેને માણસાઈભર્યું બનાવવામાં ભક્તિભાવે સારો ફાળો આપ્યો છે એમ માનનારાઓમાંનો હું એક છું.

ભાઈ શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) સ્પષ્ટ શુદ્ધ ધર્મભાવનાને જ કવિતામાં ઉતારવાની પ્રવૃત્તિ કદી કદી કરે છે, એ સાહિત્યમાં સ્થાન પામવા માટે નહિ, પરંતુ પોતાની ઊર્મિઓને વાણીમાં વ્યક્ત કરવા ખાતર. ભાવ હૃદયમાં સમાયેલો ન રહે ત્યારે તે વૈખરીમાં ઊતરે છે અને વીખરાઈ ભાષાનો આકાર લે છે. શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા)ને કીર્તિલોભ નથી જ. તેમની કેટલીય સાહિત્ય પ્રવૃત્તિ વગર નામે જ બહાર પડી છે અને તેણે ઠીક ઠીક અસર અધિકારીઓ ઉપર કરી છે.

પ્રસ્તુત ગ્રંથમાં તેમણે પોતાની કવિતાને ગઝલના ઢાળમાં આકાર આપ્યો છે. ગઝલ મૂળ ફારસી કાવ્યરચના. તેના પિંગળનિયમો પૂરા પાળ્યા સિવાય ગુજરાતી સાહિત્યે ગઝલને અપનાવી લીધી છે, ખાસ કરીને સાહિત્યની અર્વાચીન પરંપરામાં તો ગઝલે બહુ જ મહત્ત્વનું સ્થાન મેળવી લીધું છે. અત્યંત નરમાશભર્યા ભાવ અને અત્યંત કરુણ લાગણીઓના પ્રદર્શન માટે ગઝલ એક સુંદર વાહન છે, એમાં શંકા નથી, અને ભાઈ શ્રી ચૂનીલાલે (પૂજ્ય શ્રીમોટાએ) ગઝલનો સ્વીકાર કરવામાં આપણા ઉત્તમ કવિઓ કલાપી, બાલાશંકર તથા મણિલાલ નભુભાઈનો પંથ સ્વીકાર્યો છે.

હિંદુ મુસ્લિમ રાજકીય વિરોધ કરતાં હિંદુ મુસ્લિમ સંસ્કાર સમન્વય વધારે જીવંત અને વધારે સાચો છે. એ પુરવાર કરવા માટે ગઝલ તરફ નજર કરવી બસ થશે. શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) સરખા વેદાંત અને ભક્તિમાં ઊંડે ઊતરેલા કવિએ ગઝલનો આશ્રય લીધો છે, એ જ દર્શાવી આપે છે કે ધર્મભેદ માનવી માનવી વચ્ચે, માનવી માનવીના સંસ્કાર વચ્ચે વજદીવાલ બની શકતો જ નથી.

આમ, શ્રીમોટાનાં કાવ્યો વાંચતાં પ્રથમ તો એમ દેખાઈ આવે છે કે માનવહૃદયની ધર્મભાવના ભક્તિભાવનાનો પ્રવાહ સાહિત્યમાં અટક્યો નથી.

'સંતવાણીનું સ્વાગત', આ. ૨, પૃ. ૩૧-૩૫ ❑

# (૭) પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે - ૩
# પૂજ્ય શ્રીમોટા સાથેનાં મારાં સંભારણાં

એક સ્વજન

**(૧) શ્રી સી. એચ. પટેલ સાહેબ સાથે પૂ. શ્રીભાઈનો વાર્તાલાપ**

(વલ્લભવિદ્યાનગરમાં શૈક્ષણિક સંસ્થાઓના વડા)

પ્રશ્ન : આપ (નંદુભાઈ) પૂ. મોટા સાથે ઘણા લાંબા સહવાસમાં રહ્યા છો. પૂ. મોટાના વિચારોને અનુલક્ષીને શિક્ષણ અંગે અમને માર્ગદર્શન આપો.

જવાબ : આપ જે કરી રહ્યા છો તે ઘણું યોગ્ય જ છે. આ બાબતે આપ વધુ કુશળ છો. મારી જાણકારી ઘણી ઓછી ગણાય.

પ્રશ્ન : પૂ. મોટાની દૃષ્ટિએ શિક્ષણ પ્રગતિ કરાવે સાથે સાથે વ્યવહારુ પણ બનાવે, જીવનનું ઘડતર કરે, બંનેનો સમન્વય થાય તેવું શિક્ષણ સાચું શિક્ષણ બની રહે. ડિગ્રીધારી યુવાવર્ગમાં (ભાઈઓ-બહેનો) ફરજ, નિષ્ઠા, પ્રામાણિકતા, નીડરતા, ખમીર, દેશપ્રેમ, નવા નવાં સંશોધનો પ્રત્યે રુચિ વગેરે કેળવાય. શિક્ષણ દ્વારા તો દેશની પ્રગતિની સાચી દિશામાં દોરવણી, શિક્ષણ સાથે સંકળાયેલ સૌની આ ફરજ બની રહે છે.

વલ્લભવિદ્યાનગરમાં હાયર ઍજ્યુકેશન જે રીતે ઍડવાન્સ થતું જાય છે તે અનેકોને લાભકર્તા છે જ. હવે તો ચરોતર સિવાય પણ દેશમાંથી અનેક વિદ્યાર્થીઓને અહીં લાભ મળે છે. સાથે સાથે પાયાનું શિક્ષણ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ પણ મજબૂત (શિક્ષણનાં કેળવણીનાં સ્વરૂપમાં) બને તે એટલું જ જરૂરી છે. કારણ પાયાનું શિક્ષણ જીવનઘડતરનો આધાર છે. આપ સૌ તે માટે પણ સક્રિય છો જ. આપશ્રીને, સાથી સહકાર્યકરો તથા દાતાશ્રીઓ, શિક્ષકવર્ગ-કર્મચારીઓ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ.

જે કાર્ય માટે આપને પસંદ કર્યા છે

પૂ. ભાઈકાકા તથા પૂ. ભીખાકાકાની અનોખી જોડીના તપથી આ પવિત્ર સ્થળે વિદ્યાવિકાસનો પાયો નંખાયો છે અને અહીંના આજુબાજુનાં પરિવારોએ ઉદાર દિલથી જમીનોનું દાન કરી દીધું. અજોડ સહિયારી ભાવનાથી આ સંસ્થાનું ઉત્કૃષ્ટ સર્જન થયું. વલ્લભવિદ્યાનગર આજે દુનિયામાં શિક્ષણધામ તરીકે પ્રશંસનીય નામના ધરાવે છે. આદરણીય સ્વ. સી. એલ. પટેલ સાહેબ ચારુતર વિદ્યામંડળ ટ્રસ્ટના (સી.વી.એમ.) ભૂતપૂર્વ ચેરમેનપદે રહી સેવા બિરદાવતા રહ્યા. શિક્ષણમાં ખૂબ ઊંડો રસ ધરાવતા. તેઓશ્રી વર્ષમાં એકાદ વખત પૂ. મોટા તથા પૂ. ભાઈ પાસે આશીર્વાદ લેવા પધારતા. પૂ. મોટા તથા પૂ. ભાઈ પ્રત્યે ઊંડો ભાવ દર્શાવતા. હરિઃૐ આશ્રમ (નડિયાદ)ની પણ મુલાકાત પૂ. મોટાના સમયથી કોઈ કોઈ સમયે લેતા.

પૂ. ભાઈના ૧૦૦મા વર્ષ દરમ્યાન સવિશેષ સુંદર પુષ્પોનો હાર લઈ તેઓશ્રી ટીમ સાથે દર્શને પધારેલ તથા વિનંતીસહ પૂ. ભાઈનાં આર્શીવચનનો વિદ્યાર્થીઓ તથા સમગ્ર શિક્ષણવર્ગને લાભ મળે તે હેતુસર વિશેષ

વ્યવસ્થા ગોઠવવાની દરખાસ્ત પણ પૂ. ભાઈ પાસે વ્યક્ત કરી હતી. પૂ. ભાઈના આશીર્વચન, આશીર્વાદમકાનની અગાશીમાંથી વિવિધ સંસ્થાઓમાં પહોંચાડવાની વ્યવસ્થા કરી શકાશે તેમ તેઓશ્રીએ સૂચવેલ. પૂ. ભાઈએ બે હાથ જોડી નમ્રતાપૂર્વક આભારમાની વાત સંકેલી લીધી.

પૂ. ભાઈએ પોતે હવે વિદ્યાનગરમાં વસવાટ કરે છે તો ઋણભાવ તરીકે રૂ. એક લાખનો ચેક અર્પણ કર્યો. આદરણીય સી. એલ. પટેલ સાહેબે પાછળથી જણાવેલ, 'આ નાણાં મામૂલી નથી.' સંસ્થાઓના વિકાસ માટે તથા એકાઉન્ટમાં જમા કરાવી દીધા. જેથી સંસ્થાઓને પૂ. ભાઈના આશીર્વાદ સદાય મળતા રહે.

આ તેમનો પૂ. મોટા તથા પૂ. ભાઈ પ્રત્યેનો ભક્તિભાવ કે શ્રદ્ધા !!

**(૨) પ. પૂ. શ્રીમોટાની સ્ત્રીશિક્ષણ વિષેની ઉત્તમ ભાવના - કરુણા. (કોકિલા કે. બારાઈ)**

પરમ પૂજ્ય મોટાની સમાજને કેમ બેઠો કરવો ને સાચા પંથે કેમ દોરવો તથા સ્ત્રી શિક્ષણ આપી સ્ત્રીઓને સમાજમાં સમાન સન્માન મળે તેવી ઉદાત ભાવનાનો પ્રત્યક્ષ અનુભવ મેં અનુભવ્યો છે.

મારા લગ્ન પછી મેં અભ્યાસ ચાલુ રાખ્યો. તેમાં મારા પૂ. સસરાનો મારા પૂ. પિતાનો અને સૌથી વધારે પૂ. મોટાનો સહકાર મને મળ્યો. કૉલેજનાં બીજા વર્ષમાં ભણતી હતી એટલે ઈન્ટરમાં. પહેલાં આજની જેમ અભ્યાસક્રમ ન હતો. + ૧૨ ની જેવો. મેટ્રિક પાસ કરો પછી કૉલેજનાં ચાર વર્ષ ફસ્ટઈયર ઈંટર ને બે વર્ષ બી.એ. ડિગ્રીનાં બે વર્ષ અને ત્યારે આજની વૈજ્ઞાનિક ઢબનાં સાધનો સેલફોન, લેપટોપ એવી કશી સુવિધા ન હતી.

આગળ અભ્યાસ ચાલુ રાખ્યો. ત્યારે મુંબઈ યુનિવર્સિટીમાં પ્રાઈવેટ વિદ્યાર્થીઓને નહોતા લેતા. એટલે કર્વે યુનિવર્સિટીથી બી.એ. કર્યું. ત્યારે અમે સંયુક્ત કુટુંબમાં રહેતા. એટલે વાંચવાનો, અભ્યાસ કરવાનો સમય કામ પૂરું કરી કાઢવો પડતો. નિયમિત ક્લાસીસ તો ભરાય નહિ. એટલે મારી મુંબઈ રહેતી સહેલી બધી નોટ્સ લખીને મોકલે. ત્યારે વૉટ્સએપ કે કોઈ વૈજ્ઞાનિક આધુનિક સાધનોની સગવડ નહિ. પરીક્ષા આપવાનો સમય નજીક આવતો જતો હતો ને તૈયારી ઓછી થઈ રહી હતી. તેથી મેં પૂ. મોટાને પત્ર લખ્યો કે મારે પરીક્ષા નથી આપવી. જો પરીક્ષામાં નાપાસ થાઉં તો બંને કુટુંબમાં નામ બગડે. ત્યારે પૂ. મોટાએ જે મને પત્ર લખીને પ્રોત્સાહન આપ્યું ને હું ભણી શકી ને અદશ્ય રહીને સહાય કરી તે વર્ણવા કહેવા મારી પાસે શબ્દો નથી. પત્રમાં પૂ. શ્રીમોટાએ લખ્યું હતું કે 'એકવાર ખાંડણીમાં શિર મૂક્યા પછી પીછેહટ કરવી એ નામર્દની નિશાની છે.' પ્રયત્ન છોડવો નહિ. ત્યારબાદ પરીક્ષા આપવા હું મુંબઈ, તૈયારી નહોતી થઈ એટલે વહેલી ગઈ. મુંબઈ મારા પૂ. પિતાશ્રીની પુસ્તકોની દુકાન. એન.એમ. ઠક્કરની કું. ત્યારે એસ.એન.ડી.ટી.નાં પ્રિન્સિપાલ શ્રી મણિયાર સાહેબ હતા. તેમને વાંચવાનો ખૂબ શોખ ને તેઓ મારા પિતાશ્રીની દુકાને પુસ્તકો લેવા અવાર નવાર આવે. એકવાર મારા પિતાશ્રીની

સાથે હું દુકાનમાં બેઠી હતી અને ત્યારે જે પ્રસંગ બન્યો તે પૂ. મોટાની કૃપા વગર શક્ય જ નહોતું. હું બેઠી હતી દુકાને મારા પિતાજી સાથે ને ત્યારે એસ.એન.ડી.ટી.નાં પ્રિન્સિપાલ શ્રી મણિયાર સાહેબ દુકાને આવ્યા પુસ્તકો લેવાં. તેઓ મારા પિતાશ્રીના મિત્ર પણ હતા. મારો પરિચય મારા પિતાશ્રીએ તેમની સાથે કરાવ્યો કે તમારી કૉલેજમાં પ્રાઈવેટ વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપવા મદ્રાસથી મારી પુત્રી આવી છે. શ્રી મણિયાર સાહેબે પુસ્તકો લીધાં ને થોડી વાતચીત બાદ મારા પૂ. પિતાશ્રીને કહ્યું કે તમારી પુત્રી કૉલેજનાં રેગ્યુલર ક્લાસ ભરી શકે છે અને તેની ફી પણ ન લીધી. આવો જોગાનુંજોગ, અણધારી સહાયતા પ. પૂ. મોટા વગર કોણ કરી શકે ? મને પૂ. શ્રી મોટાના શબ્દો પત્રમાં લખેલા તે યાદ આવ્યા. મેં. પૂ. મોટાની વાત મારા પૂ. પિતાશ્રીને કરી. તો તેઓએ પણ કહ્યું કે સંતો જીવનમાં ક્યાં કેવી રીતે ને કેમ તેનાં સંસર્ગમાં આવેલી વ્યક્તિને સહાય કરે છે તે પામર માનવી જાણી શકતો નથી. પછી તો પરીક્ષા આપીને પાસ પણ થઈ.

આ પ. પૂ. શ્રીમોટાની કરુણા કહો, ચમત્કાર કહો, કૃપા કહો તેને કહેવા માટે શબ્દો નથી. આ પ્રસંગ બન્યો તે મારા જીવનનું અહોભાગ્ય કે પૂ. મોટા જેવા સદ્‌ગુરુ મળ્યા ને પૂ. મોટાની સ્ત્રીશિક્ષણની ઉદ્દાત ભાવના સાર્થક થઈ તેનો પ્રત્યક્ષ અનુભવ અનુભવ્યો. સદ્‌ગુરુ શ્રી પૂ. મોટાનાં ચરણોમાં મારા શત્ શત્ પ્રણામ.

**કોકિલા કે. બારાઈ**

**અનુસંધાન પેજ નં. ૯ નું ચાલુ**

વિના જીવની આવી ભૂમિકા થવી કદી શક્ય નથી. જીવન પરત્વેની આપણી પોતાની કોઈ નિશ્ચયાત્મક દૃષ્ટિ જો ઊગી હોય તો તેવા પ્રકારની ચેતનાયુક્ત સમજણ ઊગે તો તેવું વર્તન પણ હોય એવો કશો પાકો નિયમ નથી. સમજણ હોવા છતાં અને કદીક જાગતાં છતાં પણ વર્તન તેવા પ્રકારનું ના પણ થઈ શકે. કિંતુ તેવી વેળા સમજણના આધારને યોગ્ય વર્તન ના થઈ શકવાને કારણે દિલમાં એક પ્રકારનું જે મનોમંથન પ્રગટે છે, એવું જાગતું મનોમંથન તેને વધારે ને વધારે વર્તનની પ્રેરણામાં પ્રેર્યા કરતું હોય છે. સમજણ અને વર્તન એ બન્નેનો સુમેળ કોઈક દિવસે તો આપણે મેળવવો જ પડશે, તે વિના ચાલવાનું નથી. તો જ જીવનનો સ્વીકાર કર્યો છે એમ ગણી શકાશે.

## મરીને જ જિવાય

જીવનના તત્ત્વને અનુભવવાને કાજે અનેક પ્રકારનાં મૃત્યુને ભેટવાની આપણે તૈયારી સેવવી પડશે. એકલી માત્ર તૈયારી જ નહિ, પણ ખરેખર તેવી પરિસ્થિતિમાં મુકાઈ જઈને આપણા હીરની તેવી વેળા સાચી પરીક્ષા થવાની છે અને એવા પ્રસંગોમાં જે રીતે આપણે જ્ઞાનભક્તિપૂર્વક જેટલા જાગૃત હોઈશું તેટલા પ્રમાણમાં જીવનના વિકાસના માર્ગને આત્મસાત્ કરવામાં સફળ થઈ શકવાના છીએ. જે જાગતો હોય તે ઊંઘી કેમ શકે ? માટે, **સદાય પળેપળ ભગવાનનું સ્મરણ કરતાં રહીને** જે તે કર્મમાં ડૂબી ના જતાં અંતરમાં અંતરથી જાગૃતિ સેવ્યા કરવી.

'જીવન મંડાણ', આ. ૫, પૃ. ૩૯-૪૧ ❑

# (૮) મૃત્યુ - શ્રીભગવાનનો અવિચળ અટલ નિયમ

શ્રીમોટા
સંપાદક - રતિલાલ મહેતા

છેક મૃત્યુની પળે પણ જીવ સ્વભાવતઃ મરણની સામે યુદ્ધ કરીને બચવાની કોશિશમાં જ રહેતો હોય છે અને આખરે મૃત્યુથી હાર પામીને પોતાની હાર કબૂલી એને મરવું પડે છે. જે શરીરને તે પોતે જીવરૂપ જ માનતો હતો, જેનો તે રાગી બની ગયો હતો, જેના મય જ જે થઈ ગયો હતો, એને પણ છોડવું પડે છે, પણ એમાંની એની વાસના એને મૂકી શકતી નથી. ત્યાં પણ એનાં કર્મે તો યુદ્ધ જ લખાયેલું છે. એમ જોવા જતાં આ સંસારમાં રહીને કોઈ પણ જીવ શ્રીભગવાનના એ અવિચળ અટલ નિયમનું ઉલ્લંઘન કરવાને કદી પણ શક્તિમાન થતો નથી.

**અંતિમ ક્ષણે**

ચેતનની કોઈ શક્તિ છે, એવી શક્તિ મૃત્યુવેળાએ શરીરમાંથી રોમેરોમમાંથી નીકળીને શરીરમાં એક ઠેકાણે, શરીરના આધારમાં કેંદ્રિત થતી હોય છે. તે શરીરના એકેએક અવયવોમાંથી, એકેએક ભાગમાંથી, રોમેરોમમાંથી અને વાળમાંથી સુધ્ધાં, એના નાનામાં નાના ભાગમાંથી એ પ્રાણશક્તિ, ચેતનની પ્રાણશક્તિ ખેંચાઈ ખેંચાઈને કોઈક એક ઠેકાણે એકત્રિત થઈ જાય છે અને એક ક્ષણથીય ઓછી ક્ષણમાં આ હકીકત બનતી હોય છે. આપણી બુદ્ધિમાં એ આવી શકે એવી હકીકત નથી, પણ આ તે વખતે બનતી સાચેસાચી હકીકત હોય છે.*

**(મૃત્યુવેળાએ પ્રાણશક્તિ ખેંચાઈને એક સ્થળે એકત્રિત થાય છે, આ પ્રક્રિયા દરમિયાન જીવ પોતાનાં સકળ કર્મોને નિહાળી શકતો હોય છે. પોતાનાં સારાં કે ખરાબ કાર્યો, જાણે ફિલ્મની રીલ ચાલતી હોય અને એક પછી એક પ્રસંગો આવતા જાય તેમ, પોતાની નજર સમક્ષ નિહાળી શકે છે. તે વેળાએ પ્રકૃતિથી ઘેરાયેલા જીવનું મન જીવનપર્યંતની વાસનાઓમાં જ મોખરે રહે છે. તે વેળાએ જીવને પ્રભુસ્મરણ કરવાનું સૂઝતું નથી. વળી, આ ક્ષણમાં પશ્ચાત્તાપ કરી મળેલાં સ્વજનો અને પ્રભુ-પરમાત્માની માફી માગવાનો સમય પણ રહેતો નથી. આમ, મરણાંતે જેવી વાસના તેવી પુનર્જન્મની ગતિ થાય છે.*

*આથી, પૂજ્ય શ્રીમોટાએ આપણને સૌને નિયમિત **'નામસ્મરણ'**નો અભ્યાસ કરવા ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. 'નામસ્મરણ' જીવતેજીવતા પ્રકૃતિમાંથી મુક્ત કરાવે છે, મૃત્યુવેળાએ પ્રભુના નામ સાથે દેહ છૂટે તો પુનર્જન્મ વહેલો થાય છે, પુનર્જન્મ સારી ઉચ્ચ ભાવનાવાળી ગતિમાં થાય છે. જેથી, પુનર્જન્મના જીવનમાં નામસ્મરણના સંસ્કારો ઉદય વર્તમાન થતાં પવિત્ર ભાવનાવાળી દિશામાં જીવનનો વિકાસ થાય છે.- સંપાદક)*

તેવી વખતે શરીરમાં રહેલું ચેતન તો બધું નીકળી ગયેલું હોય છે ત્યારે શરીરની જે દ્વંદ્વ અને ગુણથી બનેલી પ્રકૃતિ છે, એ ત્યારે મહત્ત્વપણે ભાગ ભજવી રહેલી હોતી નથી. એનું આ શરીર (સ્થૂળ શરીર) પણ ભાગ ભજવી રહેલું હોતું નથી. તે વખતે સૂક્ષ્મ શરીર જ મહત્ત્વપણે ભાગ ભજવી રહેલું હોય છે. **શરીરમાંથી જીવ નીકળતી વખતે એક ક્ષણ માટે**

**પણ તે વખતે એ સૂક્ષ્મ શરીર મોખરે હોય છે.**

**સૂક્ષ્મ શરીરથી ભગવાનનું નામ લેવાય તેના પુનર્જન્મનું વિજ્ઞાન**

પ્રકૃતિનાં ગુણો-મનાદિકરણો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ આદિ સ્થૂળ શરીર જીવતુંજાગતું હતું, તેને જે વળગી રહેલાં હતાં તે જુદાં અને સૂક્ષ્મ શરીર જે જીવ જવાની પળે મોખરે હોય છે તેને વળગેલાં મનાદિકરણો જુદાં. એ બન્ને પ્રકારમાં ઘણો ફરક છે.

સ્થૂળ શરીર જ્યારે જીવતું હોય છે, એ સ્મરણ (ભગવાનનું નામ) બોલે છે. જ્યારે સૂક્ષ્મ શરીર, શરીરમાંથી નીકળી જવાની એકદમ તત્પરતામાં (તૈયારીમાં) હોય છે, એ પળે આકાશ, તેજ અને વાયુ એમ ત્રણ તત્ત્વ જ તૈયારીવાળાં (મોખરે) હોય છે. એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રદેશમાં એ ભગવાનનું નામ એ શરીરના આધારમાં વણાઈ જાય છે. આથી, સૂક્ષ્મ શરીર દ્વારા આ પળે જે ભગવાનનું નામ લેવાય છે, એનું પરિણામ એની સારી ગતિમાં એટલે કે કોઈક હવે પછીના જન્મમાં એને કોઈ ભાવનાવાળી સ્થિતિમાં એ જીવ જન્મે એવી શક્યતાવાળું બની જાય છે.

**સૂક્ષ્મ શરીરથી ભગવાનનું નામ ક્યારે લેવાય ?**

(૧) મરણ વખતે સામાન્ય રીતે દરેક માણસથી કંઈ ભગવાનનું નામ લેવાતું હોતું નથી. કાં તો એનો દીર્ઘકાળનો અભ્યાસ હોય.

(૨) કાં તો દીર્ઘકાળનો અભ્યાસ હોય એવા જીવથી પણ તે વખતે ભગવાનનું નામ યાદ રહે ને લેવાય એવો કશો નિયમ નથી.

(૩) જેને બિલકુલ અભ્યાસ નથી એવો માણસ પણ જો આવા જીવતાજાગતા જેનામાં ચેતનાની નિષ્ઠા પ્રગટેલી છે, એ અનુભવી શરીરધારી આત્માઓની (સાક્ષાત્કારી સંતપુરુષ) સાથે સંપર્કમાં આવ્યો હોય અથવા એવાનું એણે ઘણું કામ કર્યું હોય, એકલદોકલ રીતે નહિ પણ ઘણું કામ કર્યું હોય તો એવાની ઉપર પેલા જો મહાત્માને રાગ હોય અથવા તો ઉત્કટ કોઈક ભાવ એના દિલમાં હોય તો એવા જીવને પણ મરણ વખતે ભગવાનનું સ્મરણ રહે છે. આપમેળે પણ કોઈકને થઈ જાય છે. આ એક બહુ મોટી પ્રક્રિયા છે. એ જીવ કોઈક સારી ભાવનાવાળી ગતીની અંદર જન્મ પામે છે.

**'જબ પ્રાણ તન સે નિકલે'**

આપણામાં ત્રણ શરીર છે. (૧) કારણ એટલે 'મોસ્ટ એબસ્ટ્રેક્ટ'. એને કોઈ આકાર નથી. (૨) સૂક્ષ્મ-એને આકાર છે. (૩) સ્થૂળ. જ્યારે આ શરીરની મરણની સ્થિતિ આવે ત્યારે આ સ્થૂળમાંથી નસેસન-રગેરગમાંથી જે ચેતન છે તે ખેંચાઈને સૂક્ષ્મમાં કેંદ્રિત થાય એટલે કે મરણ વખતની સ્થિતિમાં સૂક્ષ્મ શરીર મોખરે હોય. સૂક્ષ્મ શરીર મોખરે હોય ત્યારે તે વખતે જે ભગવાનનું નામ લેવાય, તે આ સ્થૂળ શરીર નથી લેતું. તે સૂક્ષ્મ શરીર લે છે. સૂક્ષ્મ શરીરનો પ્રભાવ ઘણો મોટો હોય છે. સૂક્ષ્મ શરીર જે ભગવાનનું નામ લે છે એને લીધે એનો ઉચ્ચ પ્રકારનો અથવા તો ચેતનામાં ભક્તિ વધે, ભગવાન તરફનું આકર્ષણ વધે એવા પ્રકારનો જન્મ થાય છે. મરણ વખતે આ સ્થૂળ શરીર નથી હોતું. રોમેરોમથી ચેતન નીકળી જઈને આ સ્થૂળ શરીરના કેંદ્રમાં એકઠું થાય છે ત્યારે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે, અને તે વખતે જે ભગવાનનું નામ લેવાય છે, તે સૂક્ષ્મ શરીરથી

લેવાય છે અને તેને લીધે આપણને નવો જન્મ તે પ્રકારનો મળે છે. આટલું બધું આટલું બધું (જન્મજન્માંતરના સંસ્કારો) આટલામાં આવે કેવી રીતે ? એનું પ્રમાણ 'અંગુષ્ઠ' છે. શાસ્ત્રમાં સૂક્ષ્મ શરીરને 'અંગૂઠા' જેવડું ગણાવ્યું છે. તે - Invisible- એટલે કે દેખી શકાય એવું નથી. It has got a length but no breadth. *(એને લંબાઈ છે પણ પહોળાઈ નથી.)* એમાં અનેક જન્મોની link-સાંકળ છે.

• • •

આખી જિંદગી તો ભગવાનનું નામ લીધું ના હોય, કંઈ સત્કર્મ કર્યાં ન હોય અથવા સારો ના હોય અને તે દુનિયાની દૃષ્ટિથી બગડેલ હોય, તેવો માણસ મરણ વખતે ભગવાનનું નામ લે તો તેનો પુનર્જન્મ ભગવાન તરફનું આકર્ષણ-ભક્તિ વધે તેવો થાય છે.

• • •

**ગતજન્મની વિસ્મૃતિ**

સૂક્ષ્મ શરીર આકાશ, તેજ અને વાયુ એ ત્રણ તત્ત્વોનું બનેલું છે. સ્થૂળ શરીરમાં પેલાં ત્રણ તત્ત્વો ઉપરાંત, પૃથ્વી અને જળ મળીને કુલ પાંચ તત્ત્વો છે. સૂક્ષ્મ શરીર ગાઢ વાયુરૂપ હોવા છતાં ઝાડી જેવું દુર્ભેદ છે અને મેરુ પર્વત જેવું દઢ છે. કારણ શરીર અનિર્વચનીય (અવર્ણનીય) છે. અત્યારે આપણે જીવીએ છીએ (મનુષ્ય દેહરૂપે) ત્યારે જળ અને પૃથ્વી તત્ત્વ સવિશેષ છે. એ જળ અને પૃથ્વી તત્ત્વની જડતાને લીધે (મૃત્યુ બાદ ગતજન્મની) વિસ્મૃતિ થઈ જાય છે. આપણને (પૂર્વજન્મની) સ્મૃતિ થવાની શક્યતા જ નથી.

'જન્મ મૃત્યુના રાસ', આ.૯, પૃ. ૨૨-૨૬ ❑

**સ્વજનોને આમંત્રણ**

શ્રી હરિઃૐ સત્સંગ મંડળ-અમદાવાદ દ્વારા સ્નેહમિલન તથા સ્વજનોના તેજસ્વી તારલાઓને પુરસ્કૃત કરવાના તથા ગુણભાવની કદરરૂપે સમાજમાં સારા કામ કરી દાખલો બેસાડનારને સન્માનવાનાં કાર્યક્રમનું આયોજન કરેલ છે. તેમાં પધારવા સૌ સ્વજનોને આમંત્રણ છે.

સ્થળ : એન.વી.વિદ્યાલય સંકુલ હૉલ
નામસ્મરણ મંદિર પાછળ, નરોડા, અમદાવાદ.
તારીખ - ૧૮-૧૨-૨૦૨૨ને રવિવાર
સમય : સાંજે ૪-૦૦ થી
સંપર્ક : **નીતિનભાઈ રામી,** મો. ૯૮૨૫૦૩૮૧૦૧

**: નમ્ર નિવેદન :**

'હરિભાવ'ના પરદેશમાં રહેતા સૌ સ્વજન ગ્રાહકોને નમ્ર નિવેદન છે કે પરદેશ મોકલવાના પોસ્ટના દરમાં ખૂબ જ વધારો થતાં ટિકિટ ખર્ચ બમણો થયો છે. જેમ કે પહેલાં રૂ. ૪૦/- માં યુ.એસ. જતા 'હરિભાવ'ના હવે રૂ. ૮૦/- થાય છે. તો આ સંજોગોમાં જેઓને મોબાઈલ પીડીએફમાં વાંચતા ફાવતું હોય તેઓ જણાવે તો તેઓને પીડીએફ મોકલી ટિકિટ ખર્ચ બચાવી શકાય.

હાલના પરદેશના લવાજમ દર એક વર્ષના રૂ. ૬૦૦/- છે. જેની સામે પરદેશની ટિકિટ રૂ. ૮૦X૧૨=૯૬૦/- થાય છે. તો મો. નં. ૯૪૨૭૫૫૪૩૯૧ ઉપર જાણ કરી સહકાર આપવા વિનંતી છે. લવાજમમાં છેલ્લાં વીસ વર્ષથી ભાવ વધારો કરાયેલ નથી તે જાણ ખાતર લખેલ છે. **- સંપાદક**

# (૯) શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ

ડૉ. મનસુખભાઈ પટેલ

બધાંએ મઝામાં રહેવું, આનંદમાં રહેવું ને ભગવાનનું નામ લેવું. એટલું આપણે કર્યા જ કરવું. એ જ આપણું સાચું જીવન.

**- ઝીણાકાકા**

**સ્વજન :** તમે **મોટા**ને સૌ પ્રથમ કેવી રીતે મળ્યા ?

**કાકા :** પહેલાં અમે નીરા મંડળીમાં કામ કરતા હતા. એક દિવસ ભીખુકાકાએ મને કહ્યું, 'ઝીણાભાઈ, **મોટા** આજે અમદાવાદથી ટ્રેનમાં બેસીને કુંભકોણમ્ જવાના છે. સુરતથી તેઓ પસાર થશે ને હું સુરત સ્ટેશને મળવા જવાનો છું.' ત્યારે મેં કહ્યું કે, 'હું પણ આવીશ.' આ પ્રસંગ ઈ.સ. ૧૯૫૪નો છે.

અગિયાર વાગ્યે ગુજરાત એક્સપ્રેસ સુરત આવે, તેમાં **મોટા** નીકળવાના હતા. એટલે અમે સુરત રેલવે સ્ટેશને ગયા. બરાબર એ સમયે ભીખુકાકા **મોટા**ને મળીને ડબ્બામાંથી ઊતરીને જતા હતા ને અમે પહોંચ્યા. ગાડી પ્લૅટફૉર્મ ઉપર ઊભી હતી. અમે ડબ્બામાં ગયા ને **મોટા**ને પગે લાગ્યા. તે સમયે **મોટા** એકીટસે મારી સામે જોયા કરતા હતા. તે વખતે **મોટા** અમને વીસ વર્ષની ઉંમરના શ્રીરામચંદ્ર ભગવાન ફોટામાં દેખાય તેવા અમને દેખાયા ! બરાબર એ જ રૂપમાં દેખાયેલા ! એટલે અમને મનમાં એમ કે **મોટા** આવા જ હશે. આ જ રૂપ હશે **મોટા**નું. અમે તો પગે લાગીને ડબ્બાની નીચે ઊતરી ગયા, પણ હું નીચે ઊતરતો હતો, ત્યારે **મોટા**ની નજર મારી સામે જ હતી. એને ત્રાટક કહેવાય, પણ તે દિવસે મને ખબર નહિ, પછી મને સમજાયેલું કે આને ત્રાટક કહેવામાં આવે. તે દિવસે ત્રાટક કરેલું **મોટા**એ. પછી અમે આવતા રહ્યા.

પછી **મોટા** ચોમાસામાં ભાદરવા મહિનામાં કુંભકોણમ્‌થી ભીખુકાકાને ઘેર આવવાના હતા, એટલે ભીખુકાકાએ મને વાત કરેલી કે, '**મોટા** મારે ત્યાં આવવાના છે.' મેં કહેલું કે, 'હું **મોટા**ને મળવા આવીશ.' **મોટા**ના આવ્યાના સમાચાર અમને મળ્યા કે તરત અમે કતારગામ ભીખુકાકાને ઘેર ગયા.

**મોટા**ને ખાટલા પર બેઠેલા જોયા, પણ તે દિવસે સ્ટેશન ઉપર જે જોયેલા તેમાં અને ભીખુકાકાને ઘેર ખાટલા પર બેઠેલા જોયેલા તેમાં ફેર ! બહુ ફેર ! રેલવેના ડબ્બામાં **મોટા** રામના રૂપમાં હતા. ને વીસ વર્ષની ઉંમરના હતા ને આ તો પંચાવન-છપ્પન વર્ષની ઉંમરના હશે **મોટા** ! મને મનમાં થયું કે, **મોટા** દેખાતા નથી ? એટલે મેં ભીખુકાકાને પૂછ્યું, '**મોટા** ક્યાં બેઠા છે ?' તો ભીખુકાકા કહે, 'આ ખાટલા પર બેઠેલા છે તે **મોટા** જ છે ને !' એટલે અમે **મોટા**ને પગે લાગ્યા ને બેઠા. તે દિવસે અમે કતારગામ ભીખુકાકાને ઘેર રાત રહેલા. સવારે કતારગામના તળાવેથી **મોટા** માટે બાલદી ભરીને પાણી લાવ્યા હતા. ઘણો વખત ગયા પછી મોટા સાથે સારો સંબંધ બંધાયા પછી મેં મોટાને વાત કરેલી કે, 'મને ટ્રેનમાં તમારામાં રામનું દર્શન થયેલું.' મોટાએ

કહ્યું કે, 'આપણામાં ભક્તિ જાગે ત્યારે એવું થાય ને દેખાય, પણ આપણે જેને ને તેને વાત ન કર્યા કરવી.' તેથી અત્યાર સુધી કોઈને મેં વાત કરેલી નહિ. હમણાં હમણાં જ વાત કરું છું.

**સ્વજન :** કાકા, **મોટા** ને ભગવાન બન્ને એક જ ને ?

**કાકા :** મને તો ફેર નથી લાગતો, કારણ કે **અમને તો પહેલે દિવસે જ *મોટા* રામરૂપ દેખાયેલા અને તે દિવસથી જ એટલો બધો વિશ્વાસ બેસી ગયેલો કે '*મોટા* એટલે જ ભગવાન !'**

**સ્વજન :** ભગવાનને માર્ગે જવાના સંસ્કાર તમારામાં પહેલેથી જ હતાને ?

**કાકા :** હા, તે ખરું જ. અમને પહેલાં એવો વિચાર આવ્યા કરતો હતો કે નર્મદા કિનારે જઈને કોઈ સાધુની સાથે ત્યાં રહેવું. **મોટા** મળ્યા તેના ત્રણચાર વર્ષ પહેલાં એવા વિચારો અમને આવતા હતા. પછી તો **મોટા** જ મળી ગયા એટલે નર્મદા કિનારાને બદલે તાપી કિનારે રહેવાનું બન્યું.

**સ્વજન :** કાકા, તમે 'આર્તપોકાર' ચોપડીનાં ભજનો ગાતાં ?

**કાકા :** અમે અમારી રીતે ભજનો ભાવથી ગાતા ને ભગવાનને પ્રાર્થના પણ કરતા. શરૂઆતમાં તો ભજન ગાતાં ગાતાં આંખમાંથી આંસુ પણ ચાલ્યાં જતાં. તે વખતે એટલો બધો ભાવ થતો કે આપણે હચમચી જઈએ. મને લાગે છે કે એ વખતે અમને **મોટા**ની મદદ મળતી હતી.

**સ્વજન :** કાકા, શરૂઆતમાં તમે નામસ્મરણ કરતાને ?

**કાકા :** શરૂઆતમાં મોટેથી નામસ્મરણ થતું હતું. સ્મરણ થાય ત્યારે અંદરથી ભાવ જાગે. અંદરથી ભાવ જાગે, એ તેનું લક્ષણ. એ ભાવ આવતે જન્મે ગાડી આગળ ચલાવવામાં કામ આવશે.

**સ્વજન :** તમારે એવો સમય રહેતો ?

**કાકા :** હા, છેક શરૂઆતમાં રાતે સમય રહેતો. ઈ.સ. ૧૯૫૬-૫૭-૫૮માં સમય રહેતો. આખો દિવસ મન એમાં જ રહ્યા કરતું. કામ કરતા હોય, ત્યારે તો કામ જ હોય, પરંતુ સાંજે કે સવારે ભજન કરવા માટેનો સમય અમને રહેતો. કામ તો ઘણું જ રહેતું. **મોટા** એમ કહેતા કે, 'આપણે હંમેશાં કામમાં પરોવાયેલાં જ રહેવું.'

**સ્વજન :** તમે 'આશ્રમભજનાવલી'માંથી કયું ભજન ગાતા ?

**કાકા : 'મારી નાડ તારે હાથ, હરિ સંભાળજો રે,**
**મુજને પોતાનો જાણીને પ્રભુ પત પાળજો રે ...'**

એ ભજન બહુ સરસ છે. એ 'આશ્રમભજનાવલી'માં છે. અમે જ્યારે મૌનમાં બેસતા ત્યારે એ ભજન ગાતાં. તે વખતે એટલો બધો ભાવ થતો કે આંખમાંથી આંસુ નીકળી જતાં.

***મોટા* ઘણી વાર કહેતા કે, 'જો તમે હૃદયથી પ્રાર્થના કરશો તો હું આવીને હાજર થઈ જઈશ.'**

'શ્રીઝીણાકાકા સાથે વાર્તાલાપ', પ્ર.આ., પૃ. ૬૮-૭૧ ❑

## (૧૦) સૂર્યશક્તિને જાણો-૧

પારુલ આર. પટેલ

આજે આપની સમક્ષ હું મારો સ્વઅનુભવ વર્ણવવા માગું છું. કારણ કે મારો આ અનુભવ દરેકના જીવનમાં એક આશાનું અને દિવ્ય અનુભવનું કારણ બની શકે તેમ છે.

અમદાવાદમાં ૨૦૦૩ના વરસમાં આવેલ એક કચ્છી જૈન વણિકે સૂર્ય ઉપાસના દ્વારા પોતાની ભૂખ અને તરસ પર કાબૂ મેળવી ૪૪૫ ઉપવાસ કર્યા હતા. તેઓએ અનાજ તો સંપૂર્ણ છોડી દીધેલ. દિવસના ૧૧ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધીમાં ફક્ત ત્રણ ગ્લાસ પાણી જ પીતા હતા.

આ કેમ બન્યું અને કેવી રીતે તેની વાત આજે આપની સમક્ષ વર્ણવવા જઈ રહી છું.

મારા પુત્રના મિત્રને ત્યાં એક સૂર્ય ઉપાસક ફક્ત સૂર્યના પ્રકાશ દ્વારા પોતાના શરીરનું પોષણ અને ઉન્નતિ કરી રહ્યા છે અને તે મળવા જેવા છે તેવું મને જાણવા મળ્યું. મને આવા સિદ્ધ અનુભવીઓને મળવાનું ખૂબ જ ગમતું. તેથી હું ત્યાં જવા માટે તૈયાર થઈ ત્યારબાદ એક દિવસ પૂરો સમય લઈ હું તેમને મળી. તેઓ જૈન વણિક હતા અને અગાઉ કેરળમાં નાળિયેરનો વેપાર કરતા હતા. મેં તેમને પ્રણામ કર્યા. ઊંચી પડછંદ કાયા, પ્રભાવશાળી તેજસ્વી મુખમુદ્રાવાળા, એકવડિયો બાંધો અને હાસ્ય તેમના મુખને વધારે તેજસ્વી બનાવી રહ્યું હતું. તેમનું નામ હિરાભાઈ અને પિતાનું નામ રતનલાલ અને દાદાનું નામ માણેકલાલ હોઈ તેઓ હિરા રતન માણેકના નામથી ઓળખાય છે.

મેં તેમને પૂછ્યું, આપ કોઈપણ જાતનો ખોરાક લીધા વિના ફક્ત પાણી પર કેવી રીતે દેહ ટકાવી રાખો છો તેના વિશે મને જણાવી શકશો ?

તેમણે મને જણાવ્યું કે પહેલાં તો તમે જાણી લો કે સૂર્યઉપાસના કે દર્શનના શું ફાયદા છે. ઝાડ, પાન, વનસ્પતિ અને પૂરી સૃષ્ટિનું પોષણ સૂર્યના પ્રકાશ પર અવલંબિત છે. આ આખી સૃષ્ટિ સૂર્યપ્રકાશમાંથી જ પોતાનો ખોરાક મેળવે છે. તેવી રીતે જ પહેલાંના વખતમાં ઋષિ-મુનિઓ સૂર્ય ઉપાસના દ્વારા પોતાનું જીવન ટકાવી રાખતા, તેમને અનાજ લેવાની જરૂર પડતી નહિ. તેઓ ફક્ત સૂર્યપ્રકાશ પર નભતા અને પોતાના માટે દિવ્ય શક્તિઓ પ્રાપ્ત કરીને જીવન ધન્ય બનાવતા.

મારી આતુરતા અને ઉત્સુકતા એટલી વધી ગઈ તેથી મેં તેમને વિનંતી કરી કે મને આપ હવે મહેરબાની કરી તેની રીત-પદ્ધતિ જણાવો.

તેમણે જણાવ્યું કે હું તમને આ પદ્ધતિ જણાવું, પરંતુ તેને જો તમે જીવનમાં ઉતારવાના હો તો જ જણાવું. મેં તેમને વચન આપ્યું કે હું કોઈપણ ભોગે તમે બતાવેલા માર્ગ પર ચાલીશ જ.

તેમણે મારા પર વિશ્વાસ મૂક્યો અને મને પદ્ધતિ વિશે વિસ્તારથી વાત કરી.

તેમણે જણાવ્યું કે જ્યાં જળાશય હોય તેવી જગ્યા મળે તો સારું પરંતુ ન મળે તો એવી જગ્યા પસંદ કરો કે જ્યાંથી ઊગતા સૂર્યને જોઈ શકાય અને આગળ માણસો કે

વાહનવ્યવહારની અડચણો ન હોય અથવા ઓછી હોય. પગમાંથી ચંપલ કાઢી નાખવાના, આંખો પરના ચશ્મા કાઢી નાખવાના, ઊગતા સૂર્યને જોવાનું ચાલુ કરવાનું, પરંતુ શરત એટલી કે આંખનો પલકારો પણ પાડ્યા વગર એકીટશે સૂર્યને જોવાનો. શરૂઆત પાંચ સેકન્ડથી કરી ધીમે ધીમે ૪૫ મિનિટ સુધી સૂર્યને ત્રાટક કરી જોવાનો. જો જોતાં જોતાં આંખ બંધ થઈ જાય તો તરત જ તે દિવસ પૂરતું જોવાનું બંધ કરી દેવાનું. ૪૫ મિનિટ સુધી આંખનો પલકારો માર્યા વગર સૂર્યનાં દર્શન કરવાથી જ્યારે સંપૂર્ણ સ્થિરતા આવી જાય ત્યારબાદ લગભગ બાર મહિના પછી ઓટોમેટિક ભૂખ પર કંટ્રોલ આવવા લાગશે અને તમે તમારી ઈચ્છાશક્તિ ઉપર કંટ્રોલ લાવી શકશો. આ પદ્ધતિ પ્રમાણે સૂર્યદર્શન કરશો, તો તમારી આધ્યાત્મિક ઉન્નતિ પણ થશે અનં સંકલ્પશક્તિ, શારીરિક શક્તિ, માનસિક બળ અને મુખ્ય તો તમે અનેક રોગો પર પ્રભુત્વ મેળવી શકશો.

તેમણે જણાવેલ સૂર્યદર્શન પદ્ધતિથી હું ઘણી જ પ્રભાવિત થઈ. ત્યારપછી તેમણે મારા ઘરે બે થી ત્રણ શિબિરો કરી અને ૨૦૦ થી વધારે માણસોને તેમણે પ્રૅક્ટિકલ પદ્ધતિ શીખવાડી હતી. તેમણે શીખવાડેલ પદ્ધતિથી પ્રેરાઈને તે વખતથી આજ દિન સુધી લગભગ ૨૦ વર્ષથી હું નિયમિત તેમના બતાવ્યા પ્રમાણે સૂર્યદર્શન કરું છું. હવે હું મારા આ સૂર્યદર્શનના શું લાભ થયા છે તે જણાવું.

૧. સૂર્યદર્શનથી આંખે ચશ્મા નથી આવતા. મોતિયો નથી આવતો અને આંખોનું તેજ ખૂબ જ તેજસ્વી રહે છે.
૨. એસીડીટી અને ગેસટ્રબલ કંટ્રોલમાં રહે છે.
૩. મુખ્ય તો ઈચ્છો ત્યારે અનાજ અને દરેક પ્રવાહી પાણી સિવાય છોડી શકાય છે અને એક વખત શરૂ કર્યા પછી જ્યારે નાડીશુદ્ધિ થઈ જાય ત્યારબાદ કોઈ તકલીફ થતી નથી.
૪. હૃદયમાં એટલી બધી વિશાળતા આવી જાય છે કે તારા-મારાના ભેદ લગભગ દૂર થઈ જાય છે અને દૃષ્ટિ વિશાળ થઈ જાય છે.
૫. વાણી પર પ્રભુત્વ આવી જાય છે. વાણી અને વ્યવહાર મૃદુ બની જાય છે.
૬. પ્રેમપૂર્ણ વ્યવહારને કારણે સંબંધોમાં હંમેશાં મીઠાશ અને લાગણીભીના સંબંધો વિકસે છે.
૭. બી.પી., ડાયાબિટીશ, ચામડીનાં દર્દો, શરદી જેવા રોગો થયા હોય કે થાય તો તે કંટ્રોલમાં રહે છે અને શરૂઆત હોય તો તે મટી પણ જાય છે.
૮. મુખ્ય તો પ્રભુપરાયણતા એટલી બધી વધી જાય છે કે આઠે પહોર આનંદ રહે છે.
૯. ઉંમર વધે છતાં પણ માનસિક બળ એટલું બધું વધી જાય છે કે નવા નવા વિચારો અને તેને અમલમાં મૂકવાની શક્તિ વધી જાય છે. જેવી કે લેખનકાર્ય સુંદર રીતે કરી શકાય છે. સંગીત જલદી શીખી જવાય છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ બની જાય છે અને તેથી લોકો તમારી હાજરી ઈચ્છે અને મળે ત્યારે પણ ખુશી અનુભવે છે.

આવી તો અનેક શક્તિઓ અને કળાઓ વિકસે છે. મેં આજ દિનપર્યંત મારો નિયમ કદી પણ તોડ્યો નથી.

હું સૂર્યઉપાસના કરું છું તેની માહિતી હીરા રતન માણેક મારફતે કેટલાક ડૉક્ટરોને મળેલ તેથી મારું ફુલ બોડી ચેકઅપ કરવા, એમ. આર. આઈ. ટેસ્ટ, સીટી સ્કેન વિગેરે તમામ જાણીતા ડૉક્ટરો મારફતે ફી કરવામાં આવતા હતા.

આગળના લેખમાં હું તમને હીરા રતન માણેકને આ પદ્ધતિ કોણે અને ક્યારે શીખવી તેના વિશે માહિતી આપીશ.

અમદાવાદ, તા.૧૭-૧૨-૨૦૧૯ ❑

(સ્વ પ્રયત્ન પોતે સમજી વિચારીને કરવો. - સંપાદક)

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | કંદર્પ ગજેન્દ્ર બ્રહ્મભટ્ટ<br>સ્વ. શ્રી આરતી ગજેન્દ્ર બ્રહ્મભટ્ટની પૂણ્યતિથિ નિમિત્તે | વડોદરા | ૧૫,૦૦૦/- |
| ૨. | ધ્રુતિ શ્રીપાલ ભટ્ટીવાલા<br>લતાબહેનની વર્ષગાંઠ નિમિત્તે | સુરત | ૧૦,૦૦૧/- |
| ૩. | ડૉ. જયેશભાઈ અમૃતલાલ પટેલ<br>પૂ. માતુશ્રી સુભદ્રાબહેન અમૃતલાલ પટેલના ૮૫માં જન્મદિન (૧૭-૧૧) નિમિત્તે ભેટ | નરોડા | ૫,૦૦૧/- |
| ૪. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૫. | કલ્પનાબહેન કિશોરભાઈ વ્યાસ | બિલિમોરા | ૧,૧૦૦/- |
| ૬. | ફાલ્ગુની યોગેશ પટેલ | સુરત | ૧,૦૦૧/- |
| ૭. | વિનુભાઈ ભગવાનભાઈ પટેલ<br>સદ્ગુરુ શ્રી સીતારામ બાપુની સ્મૃતિ નિમિત્તે | સુરત | ૯૯૯/- |
| ૮. | દેવલ પી. જાની, જન્મદિન નિમિત્તે | મુંબઈ | ૫૦૧/- |
| ૯. | ભરતભાઈ હસમુખભાઈ જોગી | સુરત | ૫૦૧/- |
| ૧૦. | ગીતાબહેન રતિલાલ પટેલ<br>માતુશ્રી ઉષાબહેન રતિલાલ પટેલના સ્વર્ગવાસ નિમિત્તે | નરોડા | ૫૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

### ગયેલા આત્માને...

હરિવાણી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને શ્રી હરિઃૐ સત્સંગ મંડળના પ્રમુખ શ્રી ગિરીશભાઈ પંડ્યાના નડિયાદ નિવાસી મોટાંબહેન શ્રીમતી વનલત્તાબહેન હસમુખલાલ મહેતા તા. ૧૫-૧૧-૨૦૨૨ને મંગળવારના રોજ ૮૭ વર્ષની ઉંમરે દેવલોક પામેલ છે. તેઓશ્રી નડિયાદમાં આવેલ હિંદુ અનાથ આશ્રમનાં લેડી સુપ્રિટેન્ડેન્ટ તરીકે આજીવન સેવારત હતાં. શ્રીહરિ ગતાત્માને યશ કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના. - **સંપાદક**

## (૧૧) તો સહેવું બને સહેલું

મુનિ ઉદયવલ્લભવિજય

શ્રમણ ભગવાન મહાવીર એટલે સહિષ્ણુતાની મૂર્તિ અને સમતામૂર્તિ ! તેઓશ્રીના સાધનાકાળનું રોમાંચક વર્ણન આગમગ્રંથોમાં મળે છે. બિહાર પ્રદેશ એ તેઓની વિચરણ ભૂમિ હતી. વનવગડા જેવા વિસ્તારોમાં રહેલા કોઈ જીર્ણ મંદિરમાં પ્રભુ કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહેતા. શિયાળુ રાતની કાતિલ ઠંડી જ્યારે ભલભલાના ગાત્રો થીજવી દે ત્યારે ધ્યાનમાં સ્થિરતા શી રીતે રહે અને હાડમાં પેસી જાય તેવી ઠંડી સહન શી રીતે થઈ શકે ?

ઠંડી જ્યારે શરીર માટે સહનાતીત બને ત્યારે પ્રભુ જીર્ણમંદિરના બહારના ખુલ્લા ભાગમાં આવી જતા. સુસવાટા મારતો ઠંડોગાર પવન શરીર સાથે અથડાય. થોડો સમય આવી કાતિલ ઠંડીમાં ઊભા રહીને પછી પ્રભુ અંદર જતા રહેતા. અંદરના ભાગની ઠંડી હવે ઓછી જણાતા શરીર ધ્યાનાદિમાં સ્થિર રહી શકે.

કષ્ટો વચ્ચે શરીરને સેટ કરવા માટેની અદ્‌ભુત ટેક્નિક આમાં છુપાયેલી છે. શરીર ખરે જ ગધેડા જેવું છે. ગધેડા પર અધિક ભાર મૂકી દઈને પછી થોડોક ભાર ઓછો કરી દેવામાં આવે તો થોડી 'હળવાશ' થવાથી ગધેડો સીધો ચાલવા માંડે છે.

કષ્ટોને સામે ચાલીને સ્વીકારવાનું કૌવત ભલે ન હોય પણ આવી પડેલાં કષ્ટોને મર્દાનગીથી સ્વીકારવાનું શૌર્ય કેળવવા માટે ચાર ઉપાયો અજમાવી શકાય.

(૧) પોતાને આના કરતા પણ અધિક દુઃખ આવી શક્યું હોત... એવો વિચાર કરવાથી જે દુઃખ આવ્યું હોય તે અલ્પ લાગે.

એક વિખ્યાત કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હસમુખભાઈ રોજના ક્રમ મુજબ સાંજે ઘરે આવ્યા. દીકરાએ દરવાજો ખોલ્યો. પાકિટ કાઢવા માટે હાથે નાંખ્યો તો પાકિટ હતું જ નહિ. કોઈએ હાથચાલાકી કરી હતી. પત્નીની પણ નજર પડી. અંદર ફાળ પડી...બહાર ચીસ પડી. હસમુખભાઈ તો હસતા હતા. ખિલખિલાટ અને ખડખડાટ... પત્ની તાડૂકી : પાકિટ ગુમાવ્યું છે ત્યારે તમને હસવું આવે છે ? હસમુખભાઈએ કહ્યું, 'જો, તારીખ જો. આજે ચોથી તારીખ છે. જો ગઈકાલે આ જ પાકિટમાં મહિનાનો પૂરો પગાર હતો. પૂરા છ હજાર રૂપિયા. આજે તો માત્ર ચારસો રૂપિયા ને ચશ્માનું ઘરું જ હતું. નસીબ સાથ આપતું હોય ત્યારે ખિસ્સા કાતરુંય ચોઘડિયાં ચૂકી જાય છે.

જો આવી પરિસ્થિતિમાં મુખ હસતું રાખવામાં નામનો પણ કોઈ પ્રભાવ રહેતો હોય તો આપણા સહુના ફઈબાએ પણ આપણું નામ 'હસમુખ' પાડવાની જરૂર હતી એમ લાગે છે.

અહીં એ વિચારો કે પાકિટ જવા છતાં કયા વિચારે સ્વસ્થતા રહી શકી ? 'આના કરતાં પણ વધુ મોટું નુકસાન થઈ શક્યું હોત ? હાથમાં સોય લાગે તો પીડા ચોક્કસપણે થશે

**અનુસંધાન પેજ નં. ૧૧ પર**

## (૧૨) ગુરુ પ્રત્યે પૂજ્યભાવ શા માટે ?

શ્રીમોટા

તમે આ જીવને પૂજ્ય માનો છો તો તે ભાવ હૃદયમાં રાખવાનો છે. તેવો જ ભાવ જો હોય તો તે ભાવ જીવનને ઘડવામાં ઘણો ઉપયોગી થઈ પડે. સંસારવહેવારમાં પણ કોઈ જીવ કોઈનું કંઈ કહ્યું માનતો ના હોય, પણ એને જેના ઉપર ઘણો પ્રેમભાવ હોય અને જેના પરત્વે એને આદરભાવ હોય, તેવું કોઈ પેલાને જો કહે તો તેનું તુરત જ માની જાય છે. તેવી રીતે હૃદયનો જન્મેલ આદરભાવ તો જીવનને પલટાવવાને અને જીવનની નવી ગતિ કરાવવાને ઘણો ઘણો જરૂરનો થઈ પડે છે, પરંતુ એનું પ્રદર્શન કરવાનું જરૂરનું નથી હોતું. એ તો ધાર્યું કામ આપે ત્યારે જ એની કસોટી અને પરીક્ષા થાય છે.

**સંસારમાં જ સાધના**

ભગવાનનો માર્ગ એટલે સંસારવહેવારથી ભાગી જઈને અથવા એનાથી તદ્દન અલગ થઈ જઈને કંઈ કશું કરવાનો એ માર્ગ નથી. જ્યાં જે સ્થિતિમાં હોઈએ તે સ્થિતિમાં પ્રાપ્ત થયેલ કર્મ અને ધર્મ જો આપણે શ્રીભગવાન પ્રીત્યર્થે કર્યા કરીએ, જે કંઈ કરીએ, વિચારીએ, ભાવના સેવીએ, તે તે બધું પાછું તે તે પળે શ્રીભગવાનને ચરણકમળે સમર્પણ કર્યા કરીએ તો આપણામાંનું અહમ્ કશું જ ના રહે. જે તે બધું થતું હોય તે કંઈ આપણાથી થતું હોતું તો નથી, પણ આપણામાં જે ચેતન રહેલું છે, તેને લીધે તે તે બધું થતું હોય છે. એટલે જો આપણે ચેતનને લક્ષમાં રાખીને ચેતનપ્રીત્યર્થે કર્યા કરીએ અને તે તે થતી પળે એને જ પ્રેમભક્તિભાવે જ્ઞાનપૂર્વક સમર્પણ કર્યા કરીએ તો આપણાં મનનાં વલણો જરૂર બદલાય. સાધના એટલે જીવ- સ્વભાવને પલટાવવાની કે ઊલટાવવાની જ્ઞાનપૂર્વકની પ્રક્રિયા. સંસારવહેવારમાં જે તે બધું કર્યા કરતા શ્રીભગવાનનું નામ લીધા જ કરવું અને જે જે કંઈ થયા કરે તે તે **બધું એને કહેતા રહેવું.**


**'પુષ્ટ જીવ' થાઓ**

એવો જીવનો અભ્યાસ પડી જતાં આપણો એક પ્રકારનો હૃદયસંબંધ શ્રીભગવાન સાથે બંધાઈ જતો હોય છે. તેવો સંબંધ એકવાર જો પ્રભુકૃપાથી બંધાઈ ગયો તો આપણે પુષ્ટ જીવ ગણાવાના કે થવાના. પુષ્ટ એટલે જે જીવને ભગવાન પોતાની કૃપાથી પોષે છે તે. માટે, એનું નામ લેતા રહેશો, લલકારશો. એમાં સંકોચ ના રાખશો. મારા પરમ મિત્ર શ્રી...આશ્રમમાં રહે છે, તેમને કદી કદી મળવાનું પણ કરશો. તમને ઘણો સત્સંગ થશે. એ ભાઈ સહકુટુંબ ત્યાં રહે છે અને જવામાં કશી હરકત નથી. સદાય આનંદમાં રહેશો.

'જીવન મંડાણ', આ. ૫, પૃ. ૧૩-૧૪ ❑



**મહાત્મા યોગેશ્વરજી**



**ભિક્ષુ અખંડાનંદજી**


સાંઈબાબાનું જીવનચરિત્ર વાંચીને, શિરડીની યાત્રા કરીને, ફરી એક વાર યોગેશ્વરજીને થયું કે સાંઈબાબાની જેમ સર્વ પ્રકારની સિદ્ધિ અને ઈશ્વરી કૃપા મેળવી ચૂકેલા મહાપુરુષ, જો ગાંધીજીની જેમ દેશ અને દુનિયાના મંગલ માટે સેવાના કામમાં પડે તો માનવજાતિને મોટા લાભ જરૂર થાય.

**- મહાત્મા યોગેશ્વરજી**

'મહાત્મા યોગેશ્વરજી', પ્ર. આ., પૃ. ૧૦૬

**HARIBHAV, DECEMBER, 2022**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023




દુઃખને દૂર કરવાનો ઉપાય પૈસા છે એવું ઘણાખરા સાચેસાચ માને છે, પરંતુ હું તેમ માનતો નથી.

દુઃખમાંથી મુક્તિનો ઉપાય પૈસો નથી, પણ વૃત્તિ છે. અનેક પ્રકારની જીવદશાની વૃત્તિઓથી, ને તેની અથડામણથી અને તેનાથી પ્રગટતા અસંતોષથી માનવી દુઃખી દુઃખી થઈ જતો હોય છે.

વૃત્તિ એ દુઃખનું મૂળ કારણ છે.

એ વૃત્તિ પલટાય તો દુઃખ જાય.

- શ્રીમોટા

'જીવન દર્શન', ૯મી આ., પૃ. ૨૯૨

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered place return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007